CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૩૮
તા.૨૩-૦૬-૨૦૧૮, શનિવાર
સંવત ૨૦૭૪ જેઠ સુદ - ૧૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૫ સૂર્યાસ્ત : ૦૭:૨૮

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૧.૪ | વડોદરા | ૩૯.૪ |
| અમદાવાદ | ૪૧.૧ | સુરત | ૩૩.૮ |
| ગાંધીનગર | ૪૦.૮ | નલિયા | ૩૫.૦ |

ચાંદી : ૪૧,૦૦૦ સોનું : ૩૧,૭૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની ચેતવણી

## સૌરાષ્ટ્ર અને અન્ય કેટલાક ભાગોમાં ઝાપટા પડ્યા : આગામી ૫ દિન દરમિયાન હળવો વરસાદ : અમદાવાદ શહેરમાં તાપમાન ૪૦.૩ ડિગ્રી : હજુ ગરમીનો અનુભવ

અમદાવાદ

દક્ષિણ ગુજરાત, દમણ, દાદરાનગર હવેલીમાં ભારે વરસાદની આગાહી તંત્ર દ્વારા કરવામાંઆવી છે. બીજી બાજુ આગામી પાંચ દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાત, અન્ય વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવો વરસાદ પડવાની પણ આગાહી તંત્ર દ્વારા કરવામાં આવી છે. આજે સૌરાષ્ટ્ર અને અન્ય કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા હતા જેમાં વડાલી વિસ્તારનો સમાવેશ થાય છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન આજે ૪૦.૩ ડિગ્રી રહ્યું હતું. આજે રાજયના કેટલાક ભાગોમાં પારો ૪૦થી ઉપર રહ્યો હતો જેમાં અમદાવાદ, ડીસા, ગાંધીનગર, વીવીનગર અને રાજકોટનો સમાવેશ થાય છે. આ તમામ જગ્યાએ પારો ૪૦થી ઉપર રહ્યો હતો જ્યારે સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૪૧.૫ ડિગ્રી રહ્યું હતું. બીજી બાજુ આગામી ૪૮ કલાક દરમિયાન ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પારો ૪૦થી ૪૧ની વચ્ચે રહી શકે છે. હવે હવામાન ખાતાએ ફરી નવી આગાહી કરી છે કે, આગામી પાંચ દિવસ સુધી ચોમાસાના આગમનના કોઈ એંધાણ નથી અને તા. ૨૬ જૂનની આસપાસ વરસાદ પડી શકે છે. આઈએમડી રિજનલ ડિરેક્ટર, જયંત સરકારે કહ્યું હતું કે, અત્યારે રાજયના દરિયાકાંઠે એવી કોઈ સિસ્ટમ રચાઈ રહી નથી કે જેના કારણે બે-ત્રણ દિવસમાં વરસાદ આવી શકે. જો કે, એનો મતલબ એવો નથી કે ચોમાસું નબળું પડી ગયું છે. પરંતુ વાસ્તવમાં ચોમાસું થોડુંક મોડું પડી રહ્યું છે અને આમેય ગુજરાતમાં તો જૂનના છેલ્લા સપ્તાહ સુધીમાં જ ચોમાસું બરાબર બેસતું હોય છે એટલે અત્યારે ચોમાસું મોડુ છે એવું તો ન જ કહી શકાય. આ સંજોગોમાં લોકોમાં ભારે ઉકળાટ જોવા મળશે. હવામાન વિભાગની યાદી અનુસાર ચાલુ વર્ષે અત્યારસુધીમાં માત્ર દક્ષિણ ગુજરાતના સુરત અને વલસાડમાં અનુક્રમે ૮.૪ મિમિ અને ૭ મિમિ જ વરસાદ પડ્યો છે. તદુપરાંત સૌરાષ્ટ્રના મહુવામાં ૩.૨ મિમિ, ઓખામાં ૦.૫ મિમિ અને વેરાવળમાં ૦.૨ મિમિ વરસાદ પડ્યો છે. રાજયના મહેસુલ વિભાગના આંકડાઓ અનુસાર તા.૧૯ જૂન, ૨૦૧૭ સુધીમાં ગુજરાતમાં ૫.૩ મિમિ વરસાદ પડ્યો હતો. જ્યારે ૨૦૧૬માં તા.૨૧ જૂને રાજ્યમાં પહેલો વરસાદ આવી ગયો હતો પરંતુ આ વખતે ખરેખર ચોમાસુ વિલંબિત થયું છે, જેને લઇ નાગરિકો અધીરા અને ઉદાસીન બન્યા છે, તો રાજયના ખેડૂતો ચિંતાતુર બન્યા છે. ગુજરાતમાં મોનસુનની એન્ટ્રીને લઇને ઉત્સુકતાપૂર્વક રાહ જોવાઇ રહી છે.

## અનંતનાગમાં ઈસ્લામિક સ્ટેટના ૪ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારાયા

શ્રીનગર

જમ્મુ કાશ્મીરના અનંતનાગમાં સુરક્ષા દળોએ જોરદાર કાર્યવાહી કરીને ૪ ખતરનાક ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. તેમની પાસેથી મોતનો મસાલો પણ જપ્ત કરવામાં આવ્યો છે. જમ્મુ કાશ્મીરના અનંતનાગના શ્રીગુફારા વિસ્તારમાં ત્રાસવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ભીષણ અથડામણ થઇ હતી. ઠાર મરાયેલા ત્રાસવાદીઓના ઈસ્લામિક કનેક્શન હોવાના સમાચાર મળ્યા છે. ઈસ્લામિક સ્ટેટ સાથે કનેક્શન હોવાના અહેવાલથી ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. જમ્મુ કાશ્મીરના ડીજીપી એસપી વૈદ્યએ આતંકવાદીઓના ઈસ્લામિક સ્ટેટ ઓફ જમ્મુ કાશ્મીર સાથે સંબંધિત હોવાની શંકા વ્યક્ત કરી છે. એમ કહેવામાં આવી રહ્યું છે કે, માર્યા ગયેલા ત્રાસવાદી કાશ્મીરના નિવાસી હતી. આ એન્કાઉન્ટરમાં ઈસ્લામિક સ્ટેટ ઓફ જમ્મુ કાશ્મીર સાથે સંબંધિત હોવાની શંકા વ્યક્ત કરી છે. માર્યા ગયેલા ત્રાસવાદી કાશ્મીરના નિવાસી હોવાનું જાણવા મળ્યું છે. ઈસ્લામિક સ્ટેટ જમ્મુ કાશ્મીરમાં પગ જમાવવાના પ્રયાસમાં છે તેવા અહેવાલ વધુ મજબૂત બન્યા છે. ઠાર મરાયેલા ત્રાસવાદીઓના ઈસ્લામિક સ્ટેટ ઓફ જમ્મુ કાશ્મીરના લીડર દાઉદનો પણ સમાવેશ થાય છે. અત્રે નોંધનીય છે કે, આ પહેલા ગયા વર્ષે નવેમ્બરમાં જમ્મુ કાશ્મીરના જકુરામાં એક હુમલાની જવાબદારી ત્રાસવાદી સંગઠને સ્વીકારી હતી. રમજાન દરમિયાન યુદ્ધ વિરામની જાહેરાત કરાયા બાદ હિંસા વધી ગઇ હતી. ત્રાસવાદી હુમલા વધી ગયા હતા. પથ્થરબાજીની ઘટના વધી ગઇ હતી. લોકોના દેશભરમાં આક્રોશ બાદ આખરે સરકારે યુદ્ધવિરામની અવધિનો અંત લાવી દીધો છે.

## વિચાર વૈભવ...

### નીલકમલ

મહારાજા ભોજ માલવ પર રાજ કરે.

તેના નગરમાં એક બ્રાહ્મણ રહે. જ્ઞાનથી સમૃદ્ધ પણ ધનથી કંગાળ... વિદ્યાનો તે ભંડાર હતો, પણ ઘરમાં ખાવાના ફાંફા હતા.

છેવટે ગરીબીથી દુઃખી થઈને એક દિવસ તેણે ચોરી કરવાનો નિર્ણય કર્યો અને તે પણ રાજમહેલમાં.. બીજે ચોરી કરવી, તેના કરતાં મહેલમાં ચોરી કરી હોય તો થોડામાં ઘણું મળી જાય.

અને એ જ વિચારોથી પોતાના મનને મનાવી- સમજાવી એક દિવસ રાત્રે તે રાજમહેલમાં પ્રવેશી ગયો, અલંકારોની ચોરી કરવા માટે.

વિદ્વાન બ્રાહ્મણ હોંશિયારીપૂર્વક છેક રાજાના રૂમ સુધી પહોંચી ગયો.

મહેલના ટિમટિમાટ કરતા દીવડાઓનાં પ્રકાશમાં ઝળહળાટ કરતાં રત્નો જોયા..સોનું- ચાંદી- હીરા- મોતી- માણેક જોયા.

કરોડોની કિંમતના એ રત્નોને જોયા પછી તેને ચોરી કરી લેવાનું મન થઈ આવ્યું. પણ ત્યાં જ તેના શાસ્ત્રજ્ઞાને લાલ બત્તી ધરી. સબૂર આમાંના એક પણ રત્નને અડતો નહીં. ચોરી કરવા દ્વારા મેળવેલ ધન તને દુર્ગતિના ગર્તામાં ગબડાવી દેશે. પરધન પથ્થર સમાનની ઉક્તિને જાણતા છતાં જો તું આ સંપત્તિ હડપ કરી જઈશ, તો તું આપત્તિમાં સપડાઈ જઈશ. હડપ કરેલ ધન તારી હડપચી તોડી નાંખશે. ઉઠાંતરી કરેલો માલ તારું ઉઠમણું કરી દેશે. ચોરી કરેલ સામગ્રી સદ્‌ગતિમાંથી તારા આત્માની ચોરી કરી લેશે અને દુર્ગતિ- અવગતિના અધોમાર્ગમાં છુપાવી દેશે.

આ સુવર્ણ તને સુવા નહીં દે. ચાંદી તને બાંદી બનાવી દેશે. મોતી તારી સૂરત રોતી કરી દેશે. હીરા તારું હીર ચૂસી લેશે.

આમ વિધવિધ વિચારોમાં આખી રાત પસાર થઈ ગઈ.

તેના શાસ્ત્રજ્ઞાને તેને ચોરી કરવા દીધી નહીં.

સવાર થઈ. બધાં જાગી ગયા.

બ્રાહ્મણ એક સુરક્ષિત જગ્યા જોઈ લપાઈ- છુપાઈ ગયો.

રાજરાણીઓ સજી ધજીને ત્યાં રાજા પાસે આવી ગઈ. બારણાંની બહાર હાથી- ઘોડા વગેરે અલંકૃત થયેલા ઊભા હતા.

જ્ઞાની જીવ દરેક પદાર્થોમાં કલ્પના રંગો કાવ્ય- માધુર્યના માધ્યમે પુરવા માંડે છે.

રાજાએ પણ આ પ્રકૃતિ દશ્ય જોઈને ચમત્કૃતિ સભર કાવ્યની કૃતિ કરવા માંડી. શ્લોકનાં ત્રણ પાદ રચાઈ ગયા. પણ ચોથો પાદ સ્ફૂર્યો નહીં.

વારંવારની આ ત્રણ પંક્તિઓની રટણા બાદ પણ જ્યારે ચોથી પંક્તિની સ્ફુરણા ન થઈ, ત્યારે કાવ્યરસિક બ્રાહ્મણથી રહેવાયું નહીં અને કાવ્યની ચોથી પંક્તિનું તેણે ઉચ્ચારણ કર્યું.

ચમત્કૃતિની સંકૃતિ કરતી કાવ્યકૃતિની પંક્તિ સાંભળી રાજા આશ્ચર્યમુગ્ધ બની ગયો. તેણે બ્રાહ્મણને બોલાવ્યો. ઈશારાથી અહીં આવવાનું પ્રયોજન પૂછ્યું.

બ્રાહ્મણે પોતાની આપવીતી કહી. ચોરી કરવા આવ્યો હતો પણ તેનાં શાસ્ત્રજ્ઞાને તેને ચોરીથી અટકાવી દીધો. તે સઘળો વિસ્તાર સંક્ષેપથી કહ્યો.

રાજા પણ તેની પર ખુશ થયા અને તેની ગરીબી સદા માટે દૂર કરી દીધી.

ત્યારબાદ રાજાએ પોતાના મહેલમાં એક બોર્ડ લગાવ્યું. જેમાં લખ્યું હતું, 'જ્ઞાન ભણો... જ્ઞાન અસત્ માર્ગ- ઉન્માર્ગથી અટકાવે છે. સત્માર્ગે- સન્માર્ગે ટકાવી રાખે છે. સંપત્તિ વેળાએ સન્મતિનું દાન કરે છે. જ્ઞાન... સંકટ સમયે સહન કરવાની શક્તિ આપે છે, આ સજ્જ્ઞાન... સર્વત્ર નિર્ભય બનાવે છે. અભયમાર્ગ આપે છે. સદ્‌ગતિ પ્રતિ ગતિ કરાવે છે. સદ્‌વિચારોની સંગતિ કરાવે છે. સદ્ આચારોમાં પ્રગતિ કરાવે છે અને અંતતોગત્વા પરિણામે શિવગતિ- સિદ્ધિગતિની સિદ્ધિ આપે છે. માટે જ્ઞાન ભણો અને અંતે કેવલજ્ઞાન લણો.'

પં.રાજહંસવિજયજી ગણિ

## જીડીપી ગ્રોથને બે આંકમાં લઈ જવાની દિશામાં કામ જરૂરી : મોદી

### વડાપ્રધાને ફરી એકવાર સરકારની સિદ્ધિઓ ગણાવી

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પાંચ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રની ક્લબમાં સામેલ થવા માટે ડબલ ડિજિટ જીડીપી ગ્રોથની હાકલ કરી હતી. મોદીએ કહ્યું હતું કે, વિશ્વ વ્યાપારમાં ભારતની હિસ્સેદારી વધારવા માટે નક્કર પગલા લેવામાં આવે તે જરૂરી છે. મોદીએ કહ્યું હતું કે, વિશ્વ વેપારમાં ભારતની હિસ્સેદારી ૩.૪ ટકાથી વધુ વધીને નવા સ્તરે પહોંચે તેવી યોજના તૈયાર કરવામાં આવી રહી છે. વાણિજ્ય મંત્રાલયની નવી ઓફિસ સંકુલ વિન્જય ભવનની આધારશીલા મુક્યા બાદ પોતાના સંબોધનમાં મોદીએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે ભારતમાં કારોબારની પ્રક્રિયાને સરળ બનાવવા માટે અનેક પગલા લીધા છે. સાથે સાથે ફુગાવા, ચાલુ ખાતાકીય ખાધ અને મર્યાદાની અંદર ફિસ્કલ ડેફિસિટ જેવા માઈક્રો આર્થિક પરિબળોને જાળવી રાખવા માટેના પણ પગલા લેવામાં આવ્યા છે. આ તમામ હકારાત્મક આર્થિક પરિબળોને ધ્યાનમાં લીધા બાદ કયા પગલા લેવાશે તેવી ચર્ચા વચ્ચે મોદીએ જીડીપી ગ્રોથને બે આંકડામાં લઈ જવાની વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૧૭-૧૮માં નાણાંકીય વર્ષના છેલ્લા ત્રિમાસિક ગાળામાં જીડીપી ગ્રોથરેટ ૭.૭ ટકા રહ્યો હતો પરંતુ હવે ૭-૮ ટકાથી વધારે અને ટાર્ગેટને બે આંકડા સુધી લઈ જવાની યોજના છે. મોદીએ ઉમેર્યું હતું કે, આ સમયની જરૂરિયાત એ છે કે, બે આંકડાના ગ્રોથના સ્તર સુધી પહોંચવા માટે સાથે મળીને કામ કરવાની જરૂર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, વિશ્વ આજે ભારતની તરફ જોઈ રહ્યું છે.

## વડોદરાની શાળામાં ધોરણ-૯ની વિદ્યાર્થીના કમકમાટીભરી હત્યા

અમદાવાદ

ગુજરાતમાં શિક્ષણજગતને ખાસ કરીને વાલીઓ અને વિદ્યાર્થીઓને હચામચાવી નાંખતો એક ખતરનાક કિસ્સો સામે આવ્યો છે. જેમાં વડોદરા શહેરના બરાનપુરા વિસ્તારમાં શ્રી ભારતી વિદ્યાલયમાં ધોરણ-૧૦ના એક વિદ્યાર્થીએ તેની જ શાળાના ધોરણ-૯માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીની ચપ્પાના પંદરથી વધુ ઘા મારી અત્યંત કમકમાટીભરી હત્યા કરતાં વડોદરા સહિત રાજયભરમાં ખળભળાટ મચી ગયો છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ તાત્કાલિક શાળામાં પહોંચી ગઇ હતી અને તપાસ દરમ્યાન સ્કૂલ પાસેના મંદિરની છત પર પડેલી સ્કૂલ બેગમાંથી ચાકૂ સહિતના કેટલાક પુરાવા જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી.

## વાહન મોડીફાઈડ કરી એસેસરીઝ બદલાશે તો હવે દંડની વકી

અમદાવાદ

ગઈકાલે સુરતમાં બુલેટના ઓરીજનલ સાઈલેન્સર બદલી વધુ અવાજવાળા સાઈલેન્સર નાંખી નિયમોની ઐસીતૈસી કરનારા બે બુલેટચાલકના બુલેટ સુરત આરટીઓ દ્વારા જપ્ત કરી કરાયેલી કાર્યવાહી બાદ હવે રાજયની અમદાવાદ સહિત અન્ય આરટીઓમાં પણ આવી શિક્ષાત્મક અને દંડનીય કાર્યવાહીના સંકેતો મળી રહ્યા છે. નવાં મોંઘાંદાટ વાહનોની ખરીદી કર્યા પછી પણ પોતાના સર્કલમાં વટ પાડવા માટે વાહનનું મેકઓવર કરીને મોટો અવાજ ધરાવતાં એર હોર્ન લગાનારાઓને હવે આરટીઓનો દંડ ભરવાની તૈયારી રાખવી પડશે. ટુ વ્હીલર કે ફોર વ્હીલરમાં નિયમ વિરુદ્ધ કોઈ પણ પ્રકારની છેડછાડ કરવામાં આવી હશે અને વાહનનું રજિસ્ટ્રેશન કરાવવાનું બાકી હશે તો તે પહેલાં દૂર કરવું પડશે. ત્યારબાદ જ રજિસ્ટ્રેશન થશે અને વાહનની ખરીદી કર્યા બાદ રજિસ્ટ્રેશન થઇ ગયા પછી કોઈ છેડછાડ કરાઇ હશે તો પણ આરટીઓ જે તે વાહનચાલક કે માલિક સામે કાર્યવાહી કરશે. ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ દ્વારા અવાજનું પ્રદૂષણ ફેલાવનારા વાહનો સામે દંડનીય કાર્યવાહી કરવાનો આદેશ કરાયો છે. આગામી સપ્તાહથી આ પ્રકારની કાર્યવાહી આરટીઓ તંત્ર દ્વારા શરૂ થવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વાહનનાં અધિકૃત મોડલ સાથે છેડછાડ કરનારાઓ સામે તંત્ર લાલ આંખ કરશે અને તેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ફેરફાર કરાયેલાં વાહનમાં જો બુલેટ કે કોઇ પણ મોટર સાઇકલમાં બિનઅધિકૃત રીતે સાઇલેન્સર બદલીને અવાજ ફેલાવવાના અનેક કિસ્સા બાબતે ફરિયાદો મળ્યા બાદ તંત્ર કડક થયું છે. તેથી હવે પછી કોઇ પણ ટુ વ્હીલર કે ફોર વ્હીલરમાં સાઇલેન્સર બદલી શકાશે નહી. જો સાઇલેન્સર બગડ્યું હોય અને બદલવું પડે તો તેનો પુરાવો સાથે રાખવો પડશે અને તે પણ ઓરિજિનલ જે પ્રકારનું હશે તેવું જ રિપ્લેસ કરવું પડશે.

## કુંભ મેળા માટે ત્રણ મહિના સુધી ટોલ ટેક્સ નહીં લેવાય

### ઉત્તરપ્રદેશની યોગી સરકારનો મહત્વનો નિર્ણય

નવી દિલ્હી

ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે કુંભ માટે અલ્હાબાદ આવનાર કોઇ પણ વાહનની પાસેથી કોઇ પણ માર્ગ પર એનએચએઆઇ તરફથી વસુલ કરવામાં આવતા ટોલ ટેક્સ ત્રણ મહિના સુધી ન લેવાનો નિર્ણય કર્યો છે. યોગી સરકારના આ નિર્ણયને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આ સંબંધમાં સંતો તરફથી કરવામાં આવેલી માંગને સ્વિકારી લેવામાં આવી છે. ગયા મહિનામાં મુખ્યપ્રધાનની સાથે અખિલ ભારતીય અકાડા પરિષદના પ્રતિનિધીઓની એક બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકની વિગતમાં અભ્યાસ કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યુ છે કે પરિષદના અધ્યક્ષ મહંત ગિરિ મહારાજ અને અખિલ ભારતીય શ્રી પંચ ડિગમ્બર અનિ અખાડાના મહંતે અલ્હાબાદ જિલ્લામાં ગાડીઓ પર ટોલ ટેક્સ ન લગાવવાની માંગ કરી હતી. મહંતોએ માંગ કરી હતી કે આનાથી સાધુ સંતોને ૨૦૧૯માં કુંભ આવવામાં સરળતા રહેશે.

## શ્રીનગરમાં સર્વપક્ષીય બેઠકમાં વિવિધ પાસા પર વિસ્તૃત ચર્ચા

### રાજ્યપાલ શાસન આવ્યા બાદની પરિસ્થિતિ પર ચર્ચા

શ્રીનગર

જમ્મુ કાશ્મીરના રાજયપાલ એનએન વોરાએ આજે શ્રીનગરમાં સર્વપક્ષીય બેઠક યોજી હતી જેમાં તમામ પાર્ટીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં જમ્મુ કાશ્મીરમાં હાલમાં ઉભી થયેલી પરિસ્થિતિ ઉપર વ્યાપક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જમ્મુ કાશ્મીરમાં અમલી કરવામાં આવેલા રાજયપાલ શાસન બાદની સુરક્ષા પરિસ્થિતિ ઉપર ચર્ચા થઇ હતી. સર્વપક્ષીય મિટિંગમાં જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, જમ્મુ કાશ્મીર કોંગ્રેસના વડા જીએ મીર, ભાજપના સત શર્મા ઉપસ્થિત રહ્યા હતા. આ મિટિંગ રાજયપાલ વોરાના આવાસ ઉપર યોજવામાં આવી હતી. બેઠક એવા સમયે યોજાઈ રહી છે જયારે સ્થિતિ વણસી ચુકી છે. છ વર્ષની વિધાનસભાની અવધિ માર્ચ ૨૦૨૧માં પૂર્ણ થનાર હતી પરંતુ બુધવારના દિવસે જમ્મુ કાશ્મીરમાં રાજ્યપાલ શાસન લાગૂ કરવામાં આવ્યુ હતું. આના એક દિવસ પહેલા જ ભાજપ અને પીડીપી ગઠબંધન સરકારનું પતન થયું હતું. વ્યાપક રાષ્ટ્રીય હિતોના કારણ આપીને ક્ષેત્રિય પાર્ટી સાથે ભાજપે છેડો ફાડી લીધો હતો. ખરાબ થઇ રહેલી સુરક્ષા પરિસ્થિતિનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો.

## હાર્દિક અને અલ્પેશ અમદાવાદની શાળામાં વાલીઓ સાથે દેખાયા

અમદાવાદ

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ (આરટીઇ) હેઠળ બાળકોને એડમિશન આપવા થલતેજની ઉદગમ સ્કૂલના સંચાલકો દ્વારા નનૈયો ભણી દેવાતાં વાલીઓએ શાળાના કમ્પાઉન્ડમાં હોબાળો મચાવ્યો હતો. ઉદગમ સ્કૂલની દાદાગીરી સામે હવે યુવા નેતાઓ હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોરે મેદાનમાં ઉતરતાં ભારે હવે શૈક્ષણિક રાજકારણ ગરમાયુ હતું. આજે અમદાવાદની ઉદગમ સ્કૂલની મનમાની સામે યુવા નેતા હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોરે હલ્લાબોલ કરતાં અંતે શાળા સંચાલકો ઝૂકી ગયા હતા. ઉદ્‌ગમ શહેરની અન્ય શાળાઓ પણ આરટીઇ હેઠળ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં ધાંધિયા અને ઈન્કાર કરતી હોવાના મુદ્દે હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ પહોંચ્યા હતા. જ્યાં તેમણે બે વાગ્યા સુધીમાં પ્રવેશ આપવામાં નહી આવે તો તાળાબંધી કરવાની ચીમકી આપી હતી અને તે મુજબ તાળાબંધીનો કાર્યક્રમ યોજવાની તૈયારી પણ કરી કે, તરત જ પોલીસે આવી બંને યુવા નેતાઓ સહિતના તેમના સમર્થકોની અટકાયત કરી કાર્યક્રમ અટકાવ્યો હતો.

## ૧૨ સાયન્સમાં રિચેકીંગ માટે રેકોર્ડ ૧૧,૦૦૦ અરજી મળી

અમદાવાદ

ગાંધીનગર ખાતે ગુજરાત શિક્ષણ બોર્ડની કચેરીએ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની ઉત્તરવહીના અવલોકનની શરૂ કરાયેલી કામગીરીમાં ૧૧ હજાર જેટલા વિદ્યાર્થીઓની વિક્રમજનક અરજીઓના કારણે ભારે મૂંઝવણભરી પરિસ્થિતિ સર્જાઈ છે. આ વિદ્યાર્થીઓને જાણે બોર્ડના પરિણામ પર વિશ્વાસ ના હોય તે રીતે મોટી સંખ્યામાં અરજી કરાઇ હતી અને જેની અસર ડિગ્રી ઈજનેરીના પ્રવેશ પર પણ પડશે. ગાંધીનગર ખાતે નવા સચિવાલય સામે આવેલી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરી છેલ્લા બે દિવસથી વિદ્યાર્થીઓ અને વાલીઓનો મેળાવડો જામ્યો છે. જેમાં ધોરણ ૧૨ સાયન્સના પરિણામ સામે જાણે અવિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હોય તેમ ૧૦,૮૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્તરવહી અવલોકન માટે અરજી કરી છે. આ સંખ્યા અંગે બોર્ડના સુત્રોનું કહેવું છે કે, સેમેસ્ટર સીસ્ટમ બંધ થયા બાદ આ વર્ષે વાર્ષિક પરીક્ષા લેવાતા ઉત્તરવહી અવલોકન માટે અરજી કરનાર વિદ્યાર્થીની સંખ્યા ઘણી વધી છે. ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ કોમર્સમાં પરિણામ બાદ જો પરિણામથી સંતોષ ન હોય તો રીચેકિંગની તક અપાય છે. જ્યારે ધોરણ ૧૨ સાયન્સમાં જ રૂબરૂ ઉત્તરવહી અવલોકનની તક અપાય છે. જેમા વિદ્યાર્થી-વાલીને ગાંધીનગરમાં બોર્ડની ઓફિસે રૂબરૂ બોલાવી ઉત્તરવહી બતાવવામાં આવી રહી છે.

## સુરતને આંતરરાષ્ટ્રીય એરપોર્ટની મંજુરી

અમદાવાદ

ગુજરાતના ડાયમન્ડ સીટી તરીકે ઓળખાતા સુરત શહેરના એરપોર્ટને આંતર રાષ્ટ્રીય એરપોર્ટની મંજુરી મળતા જ સુરતવાસીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. છેલ્લા ઘણા સમયથી કેન્દ્ર સરકાર સમક્ષ માગણી કરવામાં આવી રહી હતી અને આખરે આ માંગણી સંતોષાતા ટુંક સમયમાં જ સુરત એરપોર્ટ પર ઈમીગ્રેશન અને કસ્ટમ વિભાગમાં નિમણુક કરાશે. સુરતમાં હીરા ઉપરાંત અન્ય ઉદ્યોગ સ્થપાતા અહિના વેપારીઓને મોટી સંખ્યામાં ધંધાકીય કામે અવારનવાર વિદેશ જવુ પડે છે અને આ માટે તેમણે અમદાવાદ અથવા મુંબઈ આવવુ પડતુ હતું જેના પરિણામે વેપારીઓ ભારે મુશ્કેલીમાં મુકાતા હતા અને સુરતને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ આપવાની માંગણી કરવામાં આવતી હતી.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
• માથાનો દુઃખાવો
• ખેંચ-વાઇ
• લકવો-પક્ષાઘાત
• મગજનો ટીબી
• ચક્કર
• યાદશક્તી ઓછી થવી
• હાથપગની ધ્રુજારી
• નસોની નબળાઇ
• હાથપગમાં ઝણઝણાટી
• સાયેટીકા
• ગરદન અને કમરના મણકાની તકલીફો
ડૉ.ભાગ્યધન પટેલ (D.M.Neurology) ન્યુરોફીઝીશીયન
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડૉક્ટર
સમય સવારે ૧૦:૦૦ થી ૧:૦૦
દર બીજા અને ચોથા રવિવારે મળશે.
રાજસ્થાન હોસ્પિટલ
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા. ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

CMYK

સૂર્યોદય - ૫.૫૫ સૂર્યાસ્ત - ૭.૨૮

## તિથિદર્શન

જેઠ સુદ-૧૧ શનિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ સુદ :અગીયારસ શનિવાર નક્ષત્ર:સ્વાતી રાત્રે ૨.૧૦ પછી વિશાખા યોગ :શીવ કરણ : તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### વરં પ્રાણપરિત્યાગો, માન ભંગેન જીવનાત્ પ્રાણ ત્યાગા ક્ષણે દુખં માન ભંગે દિને દિને

અર્થાતઃ 'માનભંગ, અપમાનો, અવહેલનાઓ સહન કરી કરીને સતત જીવવા કરતાં પ્રાણનો ત્યાગ કરી મૃત્યુ વહાલું કરવું શ્રેષ્ઠ છે, કારણ કે પ્રાણત્યાગ કરતી વખતે તો થોડીક જ ક્ષણો દુખની અનુભૂતિ થાય છે પરંતુ માનભંગ- અપમાન થવાથી તો વારંવાર, સર્વદા દુઃખ થાય છે.' જિંદગીમાં માન- સ્વમાન, જાતિનું ગૌરવ ખૂબ જ મહત્વનુ છે. વિનય- નમ્રતા- સૌમ્ય સ્વભાવ એ સદ્ગુણ છે એ નિશ્ચિત, પણ એ એટલી કક્ષાએ સરળ અને નમ્ર ન બની જાય કે કોઈ એ સદ્ગુણનો લાભ લઈ તેનો દુરુપયોગ કરી અવહેલના કરે, જાતિ અપમાન કરી માનભંગ કરે. આવા અન્યાય સામે શક્ય હોય તો લડત લડવી જોઈએ અને મૃત્યુ સુધી તેનો વિરોધ કરી સામનો કરવો જોઈએ. આ શ્લોકમાં અપમાનો સહન કરવા કરતા મૃત્યુને વહાલું કરવાની (આત્હત્યાની વાત છે.) પણ આજના લોકશાહી અને આત્મબળના જીવનમાં આત્મહત્યા અપ્રસ્તુત છે, એ પાપ છે, હતાશા- નિરાશા અને નામર્દાઈ છે. આજની દીકરી- વહુ, વિદ્યાર્થીઓ જે રસ્તો અપનાવે છે. તે યોગ્ય નથી, અન્યાય- હતાશા અને લડત સામે નીચા નમ્યા સિવાય લડી લેવાની હિંમત કેળવી સ્વમાન સાચવવું જોઈએ.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) પ્રણય પ્રસંગમાં સફળતા મળે. સંતાન સાથે સુમેળ રહે, માંગલિક પ્રસંગનું આયોજન થાય.**

**વૃષભ : (બ.વ.ઉ.) સામાજિક પ્રતિષ્ઠા વધે. ધંધાકીય પ્રવૃત્તિમાં હકારાત્મક વાતાવરણ રહેતું જણાય.**

**મિથુન : (ક.છ.ઘ.) નવા સાહસનું આયોજન થતું જણાય. ભાઇ-ભાંડુ સાથે સુમેળ સર્જાય.**

**કર્ક : (ડ.હ.) કુટુંબમાં સુમેળભર્યુ વાતાવરણ રહે. જમીન-મકાનના કામમાં સરળતા રહે.**

**સિંહ : (મ.ટ.) જીવનસાથી સાથેના મતભેદો દૂર થાય. ભાગીદારી પેઢીમાં એકવાક્યતા રહેવા જણાય.**

**કન્યા : (પ.ઠ.ણ.) કોઇ લક્ઝરીયસ ચીજ-વસ્તુની ખરીદી થાય. મુસાફરીનું આયોજન થઇ શકે.**

**તુલા : (ર.ત.) જામીનગીરીના કામકાજમાં સરળતા રહે. વડીલવર્ગ તેમજ મિત્રો સાથે સુમેળ રહે.**

**વૃશ્ચિક : (ન.ય.) પિતા સાથે એકવાક્યતા રહે. જમીન-મકાનના કાર્ય સરળતાથી પાર થાય.**

**ધન : (ભ.ફ.ધ.) કોર્ટ-કચેરીના કામકાજમાં સરળતા રહે. પડોશી સાથે સુમેળ રહે.**

**મકર : (ખ.જ.) નાણાકીય કટોકટી થતી જણાય. વાણી ઉપર અંકુશ રાખવો જરૂરી.**

**કુંભ : (ગ.શ.સ.) જાહેર જીવનમાં માન-પ્રતિષ્ઠા વધે. ભાગીદારી પેઢીમાં એકવાક્યતા રહે.**

**મીન : (દ.ચ.જ.થ.) કોર્ટ-કચેરીના કામકાજમાં પ્રતિકૂળતા રહે. મોસાળપક્ષ તરફ અસંતોષ રહે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ભાષાવિજ્ઞાનના નિષ્ણાત અને અનેક ગ્રંથોના સર્જક ડો. પ્રબોધ બેચરદાસ પંડિતની જન્મજયંતિ છે. રાષ્ટ્રીય ચળવળમાં પણ એમનું પ્રદાન નોંધપાત્ર છે. આ મહાન ભાષાવિજ્ઞાનીનો જન્મ ભાવનગર જિલ્લાના વળા ગામમાં થયો હતો. એમનો જન્મ ૨૩-૬-૧૯૨૩ ના રોજ થયો હતો. અનુસ્નાતક થયા પછી મુનિ જિનવિજયજીની પ્રેરણા અને સહાય લઈ ડો. રાલ્ફના માર્ગદર્શન હેઠળ લંડનમાં માત્ર બે જ વર્ષમાં તરૂણ પ્રભાસૂરીની ષડાવશ્યક બાલાવબોધ વૃત્તક ગ્રંથ પર તેમણે લંડનમાં પીએચડી કર્યું. ૧૯૬૬ પછી જીવનના અંત સુધી દિલ્હી યુનિ. માં એમણે પોતાની સેવાઓ આપી. તા. ૨૮-૧૧-૧૯૭૫ ના રોજ આ મહાન ભાષાવિજ્ઞાનનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED

ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ

www.Investmentpoint.in

Stock Market Trading Consultancy

નિખિલ ભટ્ટ

Research Analyst - SEBI

+91 99793 80808

hellonikhilbhatt@gmail.com

### તા.૨૫.૦૬.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર ૧૦૯૦૯ પોઇન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા.૨૨.૦૬.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૮૩૭ પોઇન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૮૮૮ પોઇન્ટના પ્રથમ અને ૧૦૯૦૯ પોઇન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૮૧૮ પોઇન્ટ થી ૧૦૮૦૮ પોઇન્ટ, ૧૦૭૮૮ પોઇન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૯૦૯ પોઇન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા.૨૨.૦૬.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૭૯૫ પોઇન્ટ**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૬૭૬ પોઇન્ટના પ્રથમ અને ૨૬૬૦૬ પોઇન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૬૮૧૮ પોઇન્ટ થી ૨૬૮૩૦ પોઇન્ટ, ૨૬૯૦૯ પોઇન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૯૦૯ પોઇન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

### હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....

**ગાયત્રી પ્રોજેક્ટસ (૧૭૨) :- રિઆલિટી ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૬૬ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૧ થી રૂ.૧૯૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૯૨ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**ઇનોક્ષ વિન્ડ લિમીટેડ (૯૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૮૬ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૮૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૯૭ થી રૂ.૧૦૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**બિન્ની મિલ્સ (૧૮૮) :- રૂ.૧૭૬ નો પ્રથમ તેમજ રૂ.૧૬૪ ના બીજા સપોર્ટથી ટેક્ષટાઈલ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૯૬ થી રૂ.૨૧૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**ગોલ્ડસ્ટોન ઇન્ફ્રાટેક (૧૬૨) :- રિઆલિટી સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૭૭ થી રૂ.૧૮૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૧૫૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ ઇન્ફ્રા (૪૨૫) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૪૦૬ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૪૪૬ થી રૂ.૪૬૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**TCS લિમીટેડ (૧૮૧૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૮૩૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૯૭ થી રૂ.૧૭૯૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૮૪૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ઇન્ડિગો (૧૧૮૧) :- રૂ.૧૨૦૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૧૭ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૧૬૭ થી રૂ.૧૧૫૫ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૨૨૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (૧૦૦૯) :- રિફાઇનરી સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૦૨૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૯૯૬ થી રૂ.૯૯૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**ટેક મહિન્દ્રા (૬૯૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૭૦૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૬૭૬ થી રૂ.૬૭૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૭૧૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ટાઇટન ઇન્ડસ્ટ્રીઝ (૮૮૧) :- રૂ.૯૦૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૯૧૯ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૮૬૭ થી રૂ.૮૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૯૧૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# માધવ વિશ્વ વિદ્યાલયમાં યોગ આંતરરાષ્ટ્રીય દિવસ મનાવાયો

આબુરોડ

માધવ વિશ્વ વિદ્યાલય ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ભારે ઉત્સાહથી મનાવવામાં આવેલ. જો કે ગત ૧ જુન ૨૦૧૮થી નિરંતર યોગ શિબિરનું સંચાલન કરવામાં આવે છે, જેમાં પ્રતિદિન યોગનો અભ્યાસ અને પ્રાણાયમનો અભ્યાસ વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થી ભાઈ-બહેનોને કરાવવામાં આવે છે, જ્યારે આજુબાજુના ગામો ભારજા, ભુજેલા, કીવરણ, આમથળા અને આબુરોડના બાળકો અને યુવાનો યોગ કાર્યક્રમમાં ઉત્સાહથી લાભ લે છે. યોગ શિબિરના અંતિમ દિવસે સમસ્ત સ્ટાફ, વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમજ આબુરોડ સ્થિત એક્સિસ બેંકના સમગ્ર કર્મચારીઓએ યોગાભ્યાસમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. પ્રારંભમાં ભગવાન ધન્વન્તરી સમક્ષ દિપ પ્રગટાવી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શિબિરના પ્રભારી ડીન ડૉ. જી.એસ.ઈન્દોરિયાએ શિબિરનું સંચાલન કર્યુ હતું. યોગ વિશેષજ્ઞ ડૉ. પૂર્વા જૈને યોગ એવં પ્રાણાયામનો કર્માભ્યાસ કરાવ્યો હતો. આ શિબિરમાં માધવ વિશ્વ વિદ્યાલય રજીસ્ટ્રાર જે.બી શર્મા તથા અન્ય વિભાગોના ઉપરી ડૉ. વિકાસ કૌશિક, ડૉ.મહેન્દ્ર પરમાર, ડૉ સુજિલસિંહ, ડૉ. પીંકી શર્મા ડૉ.રાજેશ રાઠોડ, ડૉ.લક્ષ્મીનારાયણ શર્મા, બેંક મેનેજર અનિલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી જે.ડી.અજબાણી સર્વોદય વિ.વિદ્યાલય, ડીસામાં શિક્ષણ અને પાણી બચાવો - સાયકલ વિતરણ

ડીસા



શ્રી જે.ડી. અજબાણી સર્વોદય વિ. વિદ્યાલય, ડીસામાં તા. ૧૫/૦૬/૨૦૧૮ ગુરુવારના રોજ શિક્ષણ - પાણી બચાવો તેમજ સરસ્વતી સાધના સરદારના આદેશાનુસાર શાળાની વિદ્યાર્થીઓને સાયકલ વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ઈશ્વરભાઈ મિસ્ત્રી, મેનેજીંગ ટ્રસ્ટી વિક્રમભાઈ શેઠ, ટ્રસ્ટી તૃપ્તિબેન અજબાણી, ટ્રસ્ટી નરેશભાઈ શેઠ, ટ્રસ્ટી શ્રવણભાઈ કેલા, આચાર્ય જગદીશભાઈ પરમાર, પ્રા.શાળાના આચાર્ય કિશોરભાઈ ત્રિવેદી, તેમજ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ પ્રસંગે મુંબઈથી ઉપસ્થિત મિતાક્ષીબેને શિક્ષણ અને પાણી બચાવો પર સુંદર વક્તવ્ય આપ્યું હતું. આ સમયે વિશ્વને મુખ્ય જરૂરિયાત શિક્ષણ અને પાણીની છે તે માટે આપણે શું કરવું તે વિશે સચોટ વક્તવ્ય આપેલ હતું. લો કોલેજ, કાંટના પ્રિન્સીપાલ રાજુલબેન દેસાઈએ કિશોરીઓની સલામતી અને જાગૃતિ માટે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક કાશીરામભાઈ રાજગોર તેમજ આભારવિધિ રાહુલભાઈ જોષીએ કરી હતી.

# કનાસરા પરા પ્રાથમિક શાળામાં યોગ દિન ઉજવાયો

પ્રતિનિધિ મીઠીપાલડી

ગત તા. ૨૧/૦૬/૨૦૧૮ ને ગુરૂવારના રોજ કનાસરાપરા પ્રાથમિક શાળા (પાલડી મીઠી) તા. દિયોદર જિ.બનાસકાંઠા ખાતે 'વિશ્વ યોગ દિન' નિમિત્તે 'યોગ દિન' ની ઉજવણી કરવામાં આવી. જેમાં સૌપ્રથમ પ્રાર્થના બાદ શાળાના આચાર્ય તથા સ્ટાફગણ તથા બાળકોએ જુદા જુદા યોગ કર્યા. શાળાના આચાર્ય દ્વારા તમામ બાળકોને યોગનું મહત્વ સમજાવવામાં આવ્યું. તેમજ બાળકોને યોગ દિનની ઉજવણી વિશે માહિતગાર કર્યા. ધોરણ ૧ થી ૫ ના બધા બાળકોએ સારી રીતે યોગ કર્યા અને ત્યારબાદ 'યોગ દિન' ની ઉજવણી પૂર્ણ કરવામાં આવી. અગાઉ પણ કનાસરાપરા પ્રા.શાળામાં બાળમેળા, પ્રવેશોત્સવ ઈકો ક્લબ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવેલ.

# ડીસા ગાયત્રી શક્તિપીઠ દ્વારા ગાયત્રી જયંતિ ગંગા દશેરા તથા પૂજ્ય ગુરૂદેવના મહાપ્રયાણ પર્વની ઉત્સાહભેર ઉજવણી

(પ્રતિ.) વડાવલ



નરસિંહ દેસાઇ

ભારતીય સંસ્કૃતિ અને ભારતના ઈતિહાસની બે ઘટનાઓની સાક્ષી છે એક, ગાયત્રી ચેતનાનું અવતરણ અને બીજું, ગંગાઅવતરણ. બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર અને રાજર્ષિ ભગીરથના પ્રયાસોથી તે દિવસે બંનેનું અવતરણ થયું. ગાયત્રી મહામંત્રથી ભારતની વિચારશીલતા, જ્ઞાનની ગરિમા તથા જ્ઞાનની મહત્તાનો પરિચય મળે છે. ગંગા શબ્દથી ભારતની પવિત્ર સંસ્કૃતિનો પરિચય મળે છે. આવી સદ્જ્ઞાન અને પવિત્રતાના પ્રતિકરૂપ ગાયત્રી અને ગંગાનો અવતરણનો દિવસ એટલે ગાયત્રી જયંતિ, ગંગા દશેરા. સમગ્ર વિશ્વ આ ત્રિવેણી સંગમના મહાપર્વને ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવે છે, ત્યારે ડીસા ગાયત્રી શક્તિપીઠ ખાતે તા.૨૧ અને ૨૨ જૂન ૨૦૧૮ એમ બે દિવસનો વિશેષ કાર્યક્રમ ઉજવાઇ ગયો. જેમા ડીસાની શ્રદ્ધાળુ જાહેર જનતા, સાધકો, પરિજનોએ ઉત્સાહપૂર્વક લાભ લઇ ધન્યતા અનુભવી હતી. તા.૨૧ જૂન ૨૦૧૮ ગુરૂવારના રોજ સવારે ૭-૦૦ થી સાંજે ૭-૦૦ સુધી ગાયત્રીમંત્રના અખંડજપનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લગભગ ૧.૨૫લાખ ગાયત્રીમંત્રના જપ થયા હતા. તા.૨૨ જૂન ૨૦૧૮ શુક્રવારના રોજ સવારે ડીસાના રાજમાર્ગો પર પ્રભાતફેરી રાખવામાં આવી હતી જયઘોષ અને મિશનના ગીતોથી સમગ્ર શહેરનું સવારનું વાતાવરણ ગાયત્રીમય બની ગયું હતું. ત્યારબાદ શક્તિપીઠ પર નવકૂંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાયજ્ઞમાં ડીસા શહેરના ૨૪ શ્રદ્ધાળુઓ દંપતિઓને આવકારવામાં આવ્યા હતા. પૂજ્ય ગુરૂદેવ જે સમયે મહાપ્રયાણ કર્યુ હતું તે જ સમયે એટલે કે સવારે ૮-૦૦ કલાકે યજમાનો, પરિજનોએ દિપક પ્રગટાવીને પૂજ્ય ગુરૂદેવને શ્રદ્ધાંજલી આપી હતી યજ્ઞ બાદ સત્સાહિત્યનું અને પંચપ્રસાદનું વિતરણ થયું હતું. બપોરે જનસંપર્ક અભિયાન ગોઠવવામાં આવ્યું હતું. સાંજે ૪-૩૦ થી ૫-૩૦ દરમ્યાન ડીસાના વિવિધ સોસાયટી અને મહોલ્લાઓમાં ''ગંગા- ગાયત્રી- ગુરૂ'' પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જે તે ક્ષેત્રના પરિજન ભાઇ બહેનો દ્વારા આ કાર્યક્રમ પોતાના ક્ષેત્રમાં કરાવ્યો હતો. સાંજે ૭-૦૦ થી ૮-૦૦ દરમ્યાન શક્તિપીઠ ઉપર દીપમહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પણ અનેક શ્રદ્ધાળુ ભાવનાશીલ જનતાએ લાભ લઇને ધન્યતા અનુભવી હતી.

અહી ઉલ્લેખનીય છે કે , આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડીસા ગાયત્રી પરિવારની બહેનોએ કર્યુ હતું. જેમાં પરિજન ભાઇઓએ સહયોગ આપીને કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

# શિવનગર પ્રાથમિક શાળામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી



જમીલ મેમણ

ડીસા

શિવનગર પ્રા. શાળામાં વિશ્વયોગ દિવસની ઉજવણી કરવામાં આવી. સયુંક્ત રાષ્ટ્ર સંઘ ધ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમભેટ એટલે યોગ. સદર સંસ્થાએ યોગને વૈસ્વિક સ્તરે વિરાસતમાં સામેલ કરેલ છે. જે અનુસાર પ્રત્યેક વર્ષ ૨૧ જૂન "વિશ્વ યોગ દિવસ" તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. તે અંતર્ગત શિવનગર પ્રા. શાળામાં ૨૧ મી જૂન ૨૦૧૮ના રોજ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. આ શાળાનાં બાળકો અને શિક્ષકોના માંધ્યમ ધ્વરા આ કાર્યક્રમની ઉજવણીની ખબર બાળકોના વાલીઓ અને ગ્રામજનો સુધી પહોંચાડવામા આવી. શાળાના આચાર્ય શ્રી ગીતાબેનના અધ્યક્ષ સ્થાને શાળા પરિવાર ધ્વરા કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું. તા.૨૧/૦૬/૧૮ ગુરુવારના ઐતહાસિક બનનાર દિવસે નક્કી કરેલ આયોજન મુજબ સૌ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સમયસર ઉપસ્થિત થયા અને કાર્યક્મનું સફળ સંચાલન જ્યોત્સનાબેને સંભાળ્યું.સમગ્ર કાર્યક્રમમાં હળવી કસરત જેવી કે ગરદનનું પરિભ્રમન અને ખભાનું પરિભ્રહ્મણ, કાંડાનું પરિબ્રહ્મણ કરાવવામાં આવ્યું. જેના ધ્વરા કાર્યક્રમને વેગ મળ્યો. ત્યારબાદ યોગાસનો, બેઠાં બેઠાં કરવાના આસનો, પેટ પર સુતાં સૂતાં કરવાના આસનો, પીઠ પર સૂતાં સૂતાં કરવાના આસનો કરવામાં આવ્યા સાથે સાથે સૌએ યોગાસનો કર્યા. ત્યારપછી કપાલભાતિ, પ્રાણાયામ કરાવવામાં આવ્યા. જેનાથી વાતાવરણ ખુશનુમા બની ગયું. યોગ વિદ્યાની ભૂમિ એવા ભારતમાં આ દિવસે વિરાટ અને વિસ્તૃત કાર્યક્રમ સદભાગી થવાના આનંદ સાથે સૌ લોકો છુટા પડયા.

# ધાનેરા ખાતે ડી.બી.પારેખ હાઈસ્કૂલમાં યોગ કાર્યક્રમ યોજાયો



એન.કે.મોદી

(પ્રતિ.) ધાનેરા

૨૧ જૂનના દિવસને સમગ્ર વિશ્વમાં યોગ દિવસ તરીકે ખૂબજ ઉત્સાહપૂર્વક ઉજવામાં આવ્યો. જેમાં ધાનેરા ખાતે ડી.બી.પારેખ હાઈસ્કૂલમાં યોગ કાર્યક્રમ યોજાયો હતો.

૨૧ જૂનના દિવસને સમગ્રમાં યોગ દિવસ તરીકે ઉજવવાનું નક્કી થાય પછી આ ચોથા વર્ષે વિશ્વમાં વિવિધ દેશોમાં યોગના કાર્યક્રમો થકી લોકો યોગ તરફ આગળ વધી યોગને પોતાના જીવન સાથે જોડી રહ્યા છે ત્યારે ૨૧ જૂનના યોગ દિવસે સમગ્ર દેશમાં લોકોએ એક સાથે અનેક યોગના કાર્યક્રમો થકી સમૂહમાં યોગા કર્યા હતા. જેમાં ધાનેરા ખાતે ડી.બી.પારેખ હાઈસ્કૂલ માં યોજાયેલા યોગ કાર્યક્રમમાં રાજકીય આગેવાનો સહિત મોટી સંખ્યામાં શહેરના આગેવાનો સહિત શાળાના બાળકો દ્વારા યોગ કરવામાં આવ્યા હતા.

# ડીસા કોલેજમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી



ભરત સુંદેશા

ડીસા

૨૧ જુન વિશ્વ યોગ દિવસ તરીકે જાહેર થયેલ છે. તેના અનુસંધાને ભારતની વિરાસત એવા યોગ દિવસની ઉજવણી ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ ખાતે કરવામાં આવી હતી. જેમાં કોલેજના તમામ સ્ટાફ મિત્રો તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમનું સુંદર અને સફળ આયોજન ડીસા કોલેજના પ્રાધ્યાપક ડૉ. આર.ડી.ચૌધરી અને યોગ શિક્ષક પ્રકાશભાઈ પટેલે કર્યુ હતું.

# મીઠી પાલડી રામદેવ પ્રાયમરી સ્કૂલમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી



નવિન દોશી

(પ્રતિ.) મીઠી પાલડી

વિશ્વ યોગ દિવસ એટલે ૨૧મી જૂન યોગ એ એક પ્રાચીન શારિરીક, માનસિક અને આધ્યાત્મિક પ્રણાલી છે. સમગ્ર વિશ્વને યોગની ભેટ આપનાર બીજું કોઈ નહિ પણ આપણો ભારત દેશ છે.

યોગ એ સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ જોડાણ કરવું કે એક કરવું થાય છે. યોગ એ શરીર અને આત્મના જોડાણનો પ્રતિક છે. યોગ એ આધ્યાત્મિક શિસ્ત છે. આજે યોગ એ સમગ્ર વિશ્વમાં જુદા-જુદા સ્વરૂપે કરાય છે અને તેની લોકપ્રિયતા પણ દિન-પ્રતિદિન વધી રહી છે. યોગ એ સદીઓથી ચાલી આવતી આપણી ભારતીય સંસ્કૃતિનો એક ભાગ છે. યોગ દિવસની ઉજવણીમાં સમગ્ર વિશ્વના ઘણા રાજનેતાઓ અને મોટી નામી હસ્તિઓએ સહકાર આપ્યો છે, ઉપરોક્ત ગઈકાલે તા-૨૧/૬/૨૦૧૮ ના રોજ મીઠી પાલડી તેમજ વિસ્તારમાં આવેલી લગભગ દરેક શાળાઓમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામા આવી હતી', જેમા ગામમા આવેલી શ્રી રામદેવ પ્રાયમરી સ્કૂલમાં પણ સુંદર રીતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામા આવી હતી, શાળાના અંદાજે ૧૨૦ જેટલા બાળકોએ યોગ કર્યા હતા, તેમજ સ્કૂલ શિક્ષકોએ પણ બાળકોને યોગ દિવસ તેમજ યોગથી થતા શારીરિક ફાયદા વિશેનું મહત્વ સમજાવ્યું હતું, ઉપરોક્ત આયોજનમાં સમગ્ર શાળા સંચાલકોએ તેમજ શિક્ષકગણ તથા સ્ટાફગણે સુંદર સહયોગ આપ્યો હતો.

# ગાયત્રી મિશન વડગામ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ



પુષ્કર ગૌસ્વામી

તા.પ્રતિ. વડગામ

તાલુકા મથક વડગામ ખાતે ગાયત્રી મિશન પરિવાર દ્વારા ગઈકાલ તા.૨૧/૬/૨૦૧૮ ગુરૂવારે વિશ્વયોગ દિવસની ઉજવણી કરાઈ હતી. ગાયત્રી પરિજન જશુભાઈ રાવલે યોગ વિષય ઉપર વિસ્તૃત જાણકારી આપી હતી અને બાબા રામદેવની સ્ટાઈલમાં યોગના દાવ કરી યોગ ભગાવે રોગ કહેવત વિશે વિવરણ કર્યુ હતું. કરશનજી સોલંકી, મહોતભાઈ ભગત, ધનજીભાઈ મકવાણા, બાબુભાઈ મકવાણા વગેરે ગાયત્રી ઉપાસકોએ યોગ વિષયની જાણકારી આપી હતી. વડગામ વિસ્તારની પ્રાઈવેટ સ્કૂલોમાં વિશ્વયોગ દિવસના કાર્યક્રમો યોજવામાં આવ્યા હોવાનું કે.સી. સોલંકી (ભગત) એ જણાવ્યું હતું.

## તંત્રી સ્થાનેથી ...

**અસત્ય બોલનાર અસત્ અર્થાત લુપ્ત થઈ જાય છે.**

# ગુજરાત યુનિવર્સિટીમાં અનેક હોદ્દા લાયકાત વિહોણાના હવાલે

ગુજરાત યુનિવર્સિટીમાં અડધો ડઝન જેટલી પોસ્ટ પર નવી ભરતી કરવી જરૂરી હોવા છતાં ઈન્ચાર્જને હવાલો સોંપીને એક્ટનો અનાદર કરતાં ભારે હોબાળો મચી ચુક્યો છે, કેમ કે હિસાબી અધિકારી જેવી મહત્વની પોસ્ટ પર જરૂરી લાયકાત ન ધરાવતાને બેસાડી દેવાયા છે,આ બાબતે યુનિવર્સિટીના જ એક સેનેટ સભ્યએ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સમક્ષ વિસ્તૃત રજુઆત અને ફરિયાદ કરી છે. ત્યારે આ બાબતે ઉચ્ચ સ્તરે તપાસ થાય તે મહત્વની બાબત છે. યુનિવર્સિટીમાં ભૂતકાળની રજીસ્ટ્રારની ખાલી પડેલી જગ્યા જે તે સમયના એક અધિકારીની નિમણુંક કરાઈ હતી. ત્યારે આ બાબતે હાઈકોર્ટમાં રિટ થતાં હાઈકોર્ટ એવો નિર્દેશ કર્યો હતો કે, જે વ્યક્તિને હોદ્દાનો ચાર્જ સોંપવામાં આવે તે વ્યક્તિ જે તે હોદ્દાને અનુરૂપ લાયકાત ધરાવતી હોવી જોઈએ, ઉપરાંત યુનિવર્સિટી એક્ટની કલમ ૫૬ પ્રમાણે મહત્વની જગ્યાએ ખાલી પડે ત્યારે તાકીદે તે જગ્યાઓ ભરી દેવી પડશે. આ બાબતે કોઈપણ જાતનો તઘલખી નિર્ણય ચાલી શકે નહિં.

આજે સરકારના ઘણા વિસ્તારોમાં જગ્યા ખાલી પડે ત્યારે અન્ય અધિકારીને ચાર્જ સોંપવામાં આવે છે. તેનાથી યોગ્ય કામગીરી થતી નથી,જે તે ખાલી જગ્યાઓ ભરવા તેને લાયકાત ધરાવતી વ્યક્તિ હોય તેને તે કામગીરી સોંપવામાં આવે તો કામગીરી સરળતાથી થઈ શકે. પરંતુ હોદ્દેદારોની નિમણુંક કરવામાં ખોટા નિર્ણયો લઈ લેવામાં આવતા હોય છે.

હાલના તબક્કે યુનિવર્સિટીમાં અડધો ડઝન જેટલી જગ્યાઓ એવી છે કે માત્ર ઈન્ચાર્જ તરીકે હવાલો આપીને કામગીરી ચલાવવામાં આવી રહી છે. અને આશ્ચર્યની વાત તો એ છે કે રજીસ્ટ્રાર અને હિસાબી અધિકારીની જગ્યાઓ પણ લાયકાત ન ધરાવતા લોકોને સોંપવામાંઆવે છે, યુનિવર્સિટીના સત્તાવાળાઓ પોતાની મનઘડત નીતિ ચલાવતા હોવાનું પણ બહાર આવ્યું છે.

જે વ્યક્તિ હિસાબી અધિકારી તરીકેની લાયકાત ધરાવતા નથી. તેમજ પોતે જ્યાં નોકરી કરે છે તે સંસ્થા યુનિવર્સિટીના સીધા તાબામાં પણ આવતી નથી. મતલબ કે વ્યક્તિ યુનિવર્સિટીની કર્મચારી પણ નથી. તેવી વ્યક્તિને કરોડો રૂપિયાનો વહીવટ સોંપી દેવામાં આવે તે કેવું કહેવાય? આ બાબત હાઈકોર્ટના આદેશનો સીધો ભંગ કહી શકાય.

ખાલી જગ્યાઓ ભરવામાં યુનિવર્સિટીના જે તે હોદ્દેદારો પોતાની મનમાની કેમ ચલાવતા હશે? શિક્ષણમંત્રીએ આ બાબતે સીધી દરમ્યાનગીરી કરવી જોઈએ. તેવું શિક્ષણવિદ્દોનું માનવું છે.

આ ઉપરાંત યુનિવર્સિટીના પરીક્ષા નિયામક તરીકે નિયુક્ત પીએમ પટેલને રજીસ્ટ્રારનો ચાર્જ સોંપી દેવાયા છે. પરીક્ષા નિયામક તરીકે તેમની નિમણુંક સામે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. ત્યારે તેમને રજીસ્ટ્રારની જગ્યા કે જે યુનિવર્સિટીની સૌથી મહત્વની જગ્યા ગણવામાં આવે છે તે સોંપી દેવામાં આવી છે. અગાઉ આજ જગ્યા પર જે અધિકારીને ઈન્ચાર્જ બનાવવામાં આવ્યા હતા. તેની હાઈકોર્ટે નામંજૂર કરી હતી છતાં હાઈકોર્ટના ચુકાદાનો અનાદર કરીને નિયુક્તિ આપી દેવામાં આવી છે. યુનિવર્સિટીમાં આ પ્રકારની અવ્યવસ્થા ક્યાં સુધી ચાલશે?

## લિટલ મિલેનિયમની ગુજરાતમાં વ્યાપક વિસ્તરણની યોજના

**ગુજરાતમાં ૧૦૦થી વધુ પ્રીસ્કૂલ્સ સ્થાપવાનું મહત્વાકાંક્ષી લક્ષ્ય**




અમદાવાદ

ભારતમાં બાળપણનું શિક્ષણ મજબૂત અને બહેતર બનાવવાનાં ૧૦ વર્ષના સફળ ઈતિહાસની ઉજવણી કરતી અને ભારતમાં અગ્રણી પ્રીસ્કૂલ ચેઈન્સમાંની એક લિટલ મિલેનિયમે આજે ગુજરાતમાં તેની હાજરીનું વિસ્તરણ કરવા માટે મહત્ત્વાકાંક્ષી વ્યૂહરચના પર ભાર મૂક્યો છે. આ જાહેરાત લિટલ મિલેનિયમ એજ્યુકેશન પ્રા. લિ.ના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી રમણ બજાજ દ્વારા અમદાવાદમાં આજે એક પત્રકાર પરિષદમાં કરવામાં આવી હતી.લિટલ મિલેનિયમ વહેલા બાળપણના અભ્યાસક્રમ, મજબૂત મૂલ્યો, ઉચ્ચ ગુણવત્તાનું બાળકોને અનુકૂળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પ્રતિભાશાળી જોશીલી ટીમના આધાર સાથેની મજબૂત પ્રણાલીઓ અને પ્રક્રિયાઓમાં ઊંડાણભરી નિપુણતા ધરાવતા ઉચ્ચ ગુણવત્તાના પ્રીસ્કૂલ શિક્ષણ સાથે પ્રતીકાત્મક છે.લિટલ મિલેનિયમે માટે વૃદ્ધિની યોજના પર બોલતાં શ્રી રમણ બજાજે નોંધ્યું હતું કે ભારતમાં પ્રીસ્કૂલ શિક્ષણ ક્ષેત્ર જબરદસ્ત વૃદ્ધિ પામવા માટે સુસજ્જ છે, કારણ કે વાલીઓ વહેલા બાળપણના શિક્ષણના લાભો વિશે ઉચ્ચ જાગૃત અને સતર્ક બની રહ્યા છે અને બધા બાળકો માટે કુશળતા અને ભણવાની શૈલીઓના વિકાસમાં નક્કર ભૂમિકા ભજવે છે. લિટલ મિલેનિયમે અમારી બ્રાન્ડને વધુ દષ્ટિગોચરતા, સ્વર્ણિમતા અને સમાવેશકતા આપવા માટે મોટી છલાંગ લગાવવા માટે માળખાબદ્ધ અભ્યાસક્રમ, ગુણવત્તા, શિક્ષક તાલીમ અને બાળક કેન્દ્રિત શૈક્ષણિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા શિક્ષણના મહત્ત્વપૂર્ણ પાયાઓ પર મજબૂત રીતે કેન્દ્રિત રહીને પોતાની આગવી ઓળખ કંડારી છે. પ્રીસ્કૂલ ઉદ્યોગે લગભગ ૨૦ ટકા વર્ષ દર વર્ષનો ઉત્તમ વૃદ્ધિ દર નોંધાવ્યો છે, જે ૨૦૨૦ સુધી રૂ. ૨૫,૦૦૦ કરોડને સ્પર્શે એવી સંભાવના છે (સ્રોતઃ ફોર્સએસ રિસર્ચ). લગભગ રૂ. ૧૨-૨૦ લાખ વચ્ચે લઘુતમ રોકાણ સાથે લિટલ મિલેનિયમની માનવંતી ફ્રેન્ચાઈઝી બની શકાય છે અને ફુલ ફ્લેજડ પ્રીસ્કૂલ ચલાવી શકાય છે.

**આત્મચિંતન**

## આવેશિત થવું બુદ્ધિમાની નથી

ડરપોક આદમી પોતાની કાયરતા અને કુકલ્પનાને કરણે જ બેમોત મરે છે. એક વખત બ્રહ્માજીએ મોતને બે હજાર વ્યક્તિઓને મારી લાવવાનો આદેશ આપ્યો. જ્યારે મોત પાછી આવી ત્યારે સાથે ચાર હજાર હતાં. તપાસ કરવામાં આવી તો જાણવા મળ્યું કે મોતે તો બે હજારને માર્યા છે બાકીના ભયભીત થઈને પોતાની જાતે મરી ગયા અને તેમની સાથે ચાલ્યા આવ્યા. આવેશ ગ્રસ્તો વિશે એ વાત વધારે વધારીને કહી શકાય છે.

ઠંઢી લાગવાથી જેટલા સમયમાં મોત થાય છે, આગમાં ઝઝૂમવાથી તેનાથી કેટુલયે જલ્દીથી પ્રાણ નીકળી જાય છે. ક્રોધી પોતાના લોહી માંસને જ નહિ પરંતુ પોતાની જીવનશક્તિને પણ નિરંતર બાળે છે અને પોતાને ખોખલો બનાવતો રહે છે. પછી કોઈ નામ માત્રના બહાનું મળવાથી બિમારીઓથી ગ્રસ્ત થઈને સ્વેચ્છાપૂર્વક મૌતના મોંઢામાં ઘુસી જાય છે. આવા લોકો નિશ્ચિત રૂપથી અકાલ મૃત્યુ મરે છે. પોતાની જાતને નિરંતર બાળતા રહેવાનું પરિણામ છેવટે શું હોઈ શકે ?

ક્રોધી આદમી એમ સમજે છે કે તે સત્યનો પક્ષપાતી છે.“ જે લોકો ભૂલ કરે છે, તેમની પર ગુસ્સો આવે છે.” આ શબ્દો કહેવા સાંભળવામાં નિર્દોષ લાગે છે પણ તથ્યોથી વિપરીત છે. ભૂલ કરનારને ક્રોધ કરવાથી કેવી રીતે સજા આપી શકાય કે સુધારી શકાય ? આ સમાજની પર છે. જેના માટે ક્રોધ કરવામાં આવ્યો હતો તેનું નિરાકરણ થયું કે નહિ બહું જ પછીની વાત છે. તેના પેલા પોતાના સ્વાભાવની બદનામી, જીવનશક્તિની ઉણપ અને સમસ્યાઓનું સમાધાન કરવાની માનસિક દક્ષતામાં ઉણપ વગેરે અનેક નુકશાન પહેલેથી જ થઈ જાય છે. **- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## ડેન્યુબ સાથે દુબઈમાં ૫૫ લાખથી ઓછી કિંમતમાં તમારૂ સ્વપ્નનું ઘર ખરીદો




દુબઈ સ્થિત પ્રોપર્ટી ડેવલપર ડેન્યુબ પ્રોપર્ટીજ દ્વારા તેનો સૌથી વિશાળ પ્રોજેક્ટ શરૂ કરાયો છે જ્યાં એપાર્ટમેન્ટ્સની કિંમત ૭૯૦૦૦ ડોલર કે રૂ. ૫૩ લાખથી શરૂ થાય છે, જે એમિરાતમાં સૌથી સસ્તા ઘરનો વિકલ્પ આપે છે.લૌન્ઝ દ્વારા નોન-રેસિડન્ટ ઈન્ડિયન્સ (એનઆરઆઈ) તેમજ ભારતીયોને રોકાણની અનોખી તક આપે છે જેમાં તેઓ ૧૦ ટકા ભાડાના લાભ સાથે હાઈ ડિસ્પોઝેબલ ઈનકમ પણ મેળવી શકે છે. સ્ટુડિયો એપાર્ટમેન્ટ આ ઈન્ટરનેશનલ સિટીમાં ૩૦૦૦૦ દિરહામ પ્રતિ વર્ષ હોય છે, જે પ્રોપર્ટી વેલ્યુના ૧૦ ટકા વધારે છે.જો કે પ્રતિ માસ ૧ ટકા પેમેન્ટ પ્લાન દ્વારા ઘર ખરીદનારા લોકોને બાવન ટકા પેમેન્ટ પછી ચાવી મળતી હોય છે પરંતુ તેનો અર્થ એ થયો કે ગ્રાહક પ્રોપર્ટીની અડધાથી વધુ કિંમત ચૂકવીને જ અથવા પ્રોપર્ટી મેળવવા માટે ચૂકવાયેલી રકમના ૨૦ ટકાથી વધુ રકમ ચૂકવીને જ ભાડાની આવક મેળવવાનું શરૂ કરી દે છે.ભારતીય નાગરિકો સૌથી વિશાળ સંખ્યામાં ફોરેન ઈન્વેસ્ટર્સ તરીકે દુબઈના રિયલ એસ્ટેટ સેક્ટરમાં રહ્યા હોવાનું દુબઈ લેન્ડ ડિપાર્ટમેન્ટના ડેટામાં જણાવાયું છે.

## એનટીપીસીએ ઉજવ્યો વિશ્વ યોગ દિવસ



ભારતની સૌથી મોટી વિદ્યુત ઉત્પાદન કંપની એનટીપીસીએ કામ અને જીવનની વચ્ચે સ્વસ્થ સંતુલનના મહત્વ પર જોર આપવા માટે ૨૧ જૂન, ૨૦૧૮ના રોજ વિશ્વ યોગ દિવસ ઉજવ્યો. એનટીપીસી લોકોના સ્વાસ્થ્યના વિશે જાગૃત બનાવવા માટે પ્રતિબદ્ધ છે તથા એનટીપીસીના કર્મચારીઓમાં પણ સ્વસ્થ જીવન પ્રથાઓને પ્રોત્સાહિત કરે છે. યોગ સેશનમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ, પરિવારજનો અને એસોસિએટ્સે ભાગ લીધો તથા યોગ આસનો તથા પ્રાણાયમનો પણ લાભ ઉઠાવ્યો. કર્મચારીઓને સ્વસ્થ જીવનશૈલીના વિશે પ્રોત્સાહિત કરવા અને તેના સ્વાસ્થ્ય તથા કલ્યાણ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આ સેશનનું આયોજન કર્યું છે. આ અવસર પર પ્રતિભાગીઓને સલાહ આપવામાં આવી કે તેમને યોગને પોતાના જીવનનો અમૂલ્ય ભાગ બનાવી લેવો જોઈએ, યોગ ચાલુ કરવાવાળા માટે પણ કેટલાંક આસન પણ બતાવવામાં આવ્યા, યોગ પ્રશિક્ષકો સાથે બધા લોકોને યોગની શપથ લીધી.

## રામકૃષ્ણ આશ્રમમાં ૨૪મી તારીખે વૈશ્વિક સભ્યતા માટે સર્વ ધર્મ સમન્વય ની આવશ્યકતા પરિસંવાદ

સ્વામી વિવેકાનંદજીએ ૧૨૫ વર્ષ પહેલા શિકાગોમાં સર્વ પ્રથમ ધર્મ પરીષદમાં અભૂતપૂર્વ વ્યાખ્યાન આપ્યુંહતું તેની ૧૨૫ મી જયંતિ ના ભાગરૂપે શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટ દ્વારા એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.‘ઈન્ટરફેથ હારમોની ફોર ગ્લોબલસિવિલાઈઝેશન’- ‘વૈશ્વિક સભ્યતા માટે સર્વ ધર્મ સમન્વય ની આવશ્યકતા’ વિષય પર શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટ દ્વારા એક દિવસીય પરિસંવાદનું આયોજન રવિવાર ૨૪ જૂનના રોજ સવારના ૯ થી સાંજના ૬ સુધી યોજવામાં આવ્યું છે. વિશ્વ ધર્મ પરિષદની પૂર્વભૂમિકા રૂપેઆ એક દિવસીય પ્રી પાર્લામેન્ટમાં દેશભરના વિવિધ ધર્મ-સંપ્રદાયના પ્રતિનિધિ ઉપસ્થિત રહેવાના છે. આ સેમીનારનું ઉદઘાટન ગુજરાતના રાજ્યપાલ ઓ.પી.કોહલીના વરદ હસ્તે થશે. રામકૃષ્ણ મિશનના ઉપાધ્યક્ષ પૂજ્ય સ્વામી ગૌતામાનંદજી મહારાજ આ સેમિનારના પ્રથમ સત્ર ની અધ્યક્ષતા કરશે . “સેમિનારની પૂર્વભૂમિકા ના ભાગરૂપે પ્રાર્થના સત્ર રાખવામાં આવેલ છે. જેમાં વિવિધ ધર્મના અનુયાયીઓ પોત પોતાના ધર્મની પ્રાર્થનાઓ રજૂ કરશે.વિશ્વધર્મ પરિષદ આ વર્ષે ટોરંટોમાં એકથી સાત નવેમ્બરમાં યોજાવાની છે તેના વિશેની આ સેમિનારમાં વાતો થશે અને એ સિવાય ઘણી બધી રસપ્રદ માહિતીઓ ઓડિયો વિઝ્યુઅલ દ્વારા રજૂ કરવામાં આવશે દ્વિતીયસત્ર માં શિક્ષણ અને મીડિયાનો સર્વ ધર્મ સમન્વયમાં શું ભૂમિકા એની હોઈ શકે એ વિશેનું સત્ર રહેશે “આ સેમીનારમાં ભાગ લેવા માટેની વિગતો શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટ વેબસાઈટ www.rkmrajkot.rogપર ઉપલબ્ધ છે. જે પરીષદમાં હાજર રહેવા માટે વિશ્વનાલોકો આતુર હોય છે તેની આછેરી ઝલક સમી પ્રિ પાર્લામેન્ટરાજકોટના ઘર આંગણે જયારે યોજાતી હોય ત્યારે આટલો મોટો અવસર ચૂકવો જોઈએ નહીં. આ સેમિનારમાં હાજર રહેવાનો લ્હાવોલેવા માટે અમે સૌને હાર્દિક આમંત્રણ પાઠવીએ છે. વહેલા તે પહેલા ના ધોરણે રજિસ્ટ્રેશન ચાલી રહ્યું છે. સેમિનારનું લાઈવ સ્ટ્રીમીંગ રામકૃષ્ણ આશ્રમની વેબસાઈટ પર પણ કરવામાં આવશે.

## સ્મિત ફેલાવે છે, આશા જગાવે છે, YAY!.... સંગીતની નોંધ એક સાથે પ્રસાર કરે છે!



સંગીત વિનાની દુનિયાની કોઈ કલ્પના નહીં કરી શકે અન જિમી હેન્ડ્રિક્સે સાચું જ કહ્યું છે કે જો આ દુનિયામાં કશુંક બદલવું હોય તો તે સંગીત થકી જ થઈ શકે છે. સંગીત આપણી સંસ્કૃતિ સાથે બાળકોને પરિચિત કરાવવાની અત્યંત સુંદર રીત છે. વૈશ્વિક સંગીત દિવસની ઉજવણી શરૂ થઈ રહી છે ત્યારે બાળકોની ચેનલ સોની રૂછરૂ!એ બાળકોને સંગીત તેના પરિપૂર્ણ સ્વરૂપમાં ખોજ કરવાની આનંદિત તક આપવા અને સંગીતની જાદુઈ ભેટની ઉજવણી કરવા માટે સંગીતીક ધ્યેય પર નીકળી પડી છે. ચેનલનાં અત્યંત લયબદ્ધ અને વહાલાં પાત્રો ગુરુ અને ભોલેએ આ ધ્યેયને પૂરો કરવા માટે શાન, કૈલાશ ખેર, શ્રુતિ પાઠક અને પલક મુછાળ જેવા નામાંકિત સંગીતકારો સાથે સહયોગ કરીને આ દિવસને વધુ વિશેષ બનાવવાનું નક્કી કર્યું છે. યુવા આકાંક્ષાત્મક આત્માઓને પ્રેરિત સંગીતકારોમાં ફેરવવાના લક્ષ્ય સાથે તેમણે વાજિંત્રો એન્ડોર્સ કર્યાં છે... જેમ્બે, ગિટાર, ઉકુલેલે અને બોંગો ડ્રમ્સ પર આ કલાકારો દ્વારા અનુક્રમે ઓટોગ્રાફ કરવામાં આવ્યાં હતાં. આ વાજિંત્રો પછી વિશેષ એનજીઓને દાન કરાશે, જેનું લક્ષ્ય નિર્બળ બાળકો માટે સંગીત અનુભવો નિર્માણ કરવાનું, સંગીતનું જ્ઞાન અને સમજદારી આદાનપ્રદાન કરવાનું હોય અને સંગીતનું શિક્ષણ અને તેની સાથે મળતી ખુશીને બધા માટે પહોંચક્ષમ બનાવવાનું લક્ષ્ય છે. સંગીત દુનિયાને બહેતર સ્થળ બનાવી શકે અને બાળકોને પોતાને મુક્ત રીતે વ્યકત કરવા માટે પ્રોત્સાહન મળી શકે તે માન્યતા પર નિર્મિત ચેનલે આ વિશેષ કાજ હાથમાં લીધું છે. આ પહેલ થકી સોની YAY!!નું લક્ષ્ય સમાજોમાં બાળકને સંગીત તેના અસલ સ્વરૂપમાં ખોજ કરવા અને આ રીતે સંગીત થકી તેમની સંપૂર્ણ સંભાવનાએ પહોંચવા માટે મદદરૂપ થવાનું છે.

## અમદાવાદ હોસ્પિટલમા રહેતા દર્દીઓને થતા હોસ્પિટલ સંક્રમણ રોગ ને રોકવા માટે સલામત પ્રેરણા ઉપચાર



અમદાવાદ એ એવું એક શહેર છે જયાં હોસ્પિટલ સંક્રમણ રોગો ખાસ કરીને આઈ.સી.યુ. અને સી.સી.યુ.મા રહેતા દર્દીઓને થતા ચેપ રોકવા માટે સલામત પ્રેરણા ઉપચાર પદ્ધતિ વિકસાવી છે. આવા પ્રકારના ચેપને રોકવા માટે બોટલમાં હવા પ્રવેશતી અટકાવવા માટે કેટલીક સંસ્થાઓ અને હોસ્પિટલોએ નવી જર્મન ટેકનોલોજી IV સોલ્યુશન્સ માટે વિકસાવી છે . આ પ્રકારના નવા આવી કન્ટેનર્સ ખૂબ જ સુવિધાયુક્ત છે કે જેમાં કોઈ પણ પ્રકારની સોય પ્રવેશ કરવાની રહેતી નથી તેથી દર્દીઓની સારવાર લઈ શકાય છે.” આ બંધ ઈન્ફ્યુઝન સિસ્ટમ કે જે જર્મન ટેકનોલોજી દ્વારા બનાવ્યુ છે તેમા કોઈ પણ પ્રકાનું વેંટિંગ જરૂરી નથી . તેમાં હવાને પ્રવેશવા માટે તેમાં કોઈ પણ પ્રકારની સોયની જરૂર પડતી નથી .આ બધી જ વસ્તુઓ દર્દીને બહારના કોઈ પણ ચેપ થતાં રોકે છે .

ભારતની હોસ્પિટલમાં એચએઆઈ નો દર સૂચવે છે કે દર્દીઓને સારું રહેવા માટે આવા પ્રકારની ક્લોઝ ઈન ફ્યુઝન સિસ્ટમ અંગેની માહિતી અંગે માહિતગાર રહેવું જોઈએ .તેમ છતાં ભારતમાં મેડિકલ ટેક્નોલોજીમાં આગળ અને અત્યંત આધુનિક ઉચ્ચ સર્જિકલ સાધનો અને અન્ય જિંદગી બચાવવા માટેના સાધનો અને દવાઓનો ઉપયોગ ખૂબ જ સામાન્ય છે આવા પ્રકારના પ્રાથમિક અને બેઝિક પેરી ફરેલ મેડિકલ ઉત્પાદનોનો ખર્ચ ઘટવો એ તાર્કિક ભરેલું છે અને તેમ છતાં દર્દીને સારા પ્રમાણમાં સલામતી આપે .

## અભિનેતા મિશાલ રહેજાએ ઝી ટીવીના જઝબાતમાં તેના ક્રશ વિશે જાહેરાત કરી



ઝી ટીવીના સપ્તાહના અંતના ચેટ શો, ‘જઝબાત... સંગીન સે નમકીન તક’એ દર્શકોને રોહિત અને રોનિત રોય, અદા ખાન, દિવ્યાંકા ત્રિપાઠી, ધિરજ ધૂપર, રાખી સાવંત, બરુણ સોબતી, કરણ પટેલ, આશકા ગોરાડિયા અને અન્ય ઘણા પ્રસિદ્ધ સેલિબ્રિટીઓના વ્યક્તિગત જીવનને નજીકથી જોવાનો અને તેમનાથી નજીક જવાનો મોકો આપ્યો છે. આગામી એપિસોડમાં શોમાં ઝી ટીવીના અત્યંત પ્રસિદ્ધ શો કુમકુમ ભાગ્ય અને કુંડલી ભાગ્યના મુખ્ય કલાકાર સુંદર મિશાલ રહેજા અને અત્યંત ભવ્ય શ્રદ્ધા આર્યા સાથે આવશે અને રાજીવ ખંડેલવાલની સાથે હળવાશભરી ચર્ચા કરશે. મિશાલ અને શ્રદ્ધાએ ઉદ્યોગમાં તેમના પ્રવાસ વિશે ઘણી રસપ્રદ પળો પણ જણાવી સાથોસાથ તેમના જીવનની કેટલીક સંગીન અને નમકીન પળો પણ જાહેર કરી. આ શનિવાર જઝબાત્તમાં જે જોવું ખરેખર મનોરંજક અને મસ્તીભર્યું રહેશે!વધુ જાણવા માટે જોતા રહો, જઝબાત્ત... સંગીન સે નમકીન તક દર શનિવારથી રવિવાર, સાંજે ૭ વાગ્યે ફક્ત ઝી ટીવી પર!

## કલર્સ આપની સમક્ષ લાવે છે ઈન્વેસ્ટીગેટિવ થ્રિલર– દેવ ૨



તે અપરાધીઓની જેમ વિચારે છે, ઘરે હોય ત્યારે પણ અપરાધના સીનની આસપાસ હોય છે અને દુષ્કર્મો કરતાં અરાજક તત્વોથી શહેરને છુટકારો અપાવવાનું લોઢુ ધરાવતોસ ડિટેકિટવ દેવ બર્મન ભારતની પ્રમુખ હિન્દી એન્ટરટેનમેન્ટ ચેનલ – કલર્સ પર ધમાકેદાર બીજીસીઝન સાથે પાછો ફરી રહેલ છે. વિવિધતાપૂર્ણ પ્રકારના વિષયવસ્તુની આખી હરોળ વડે પ્રોગ્રામિંગને વૈવિધ્યપૂર્ણ બનાવતાં, દેવ ૨, એક સૌથી મોટા રહસ્ય : પોતાના જીવન અંગેના સાથે પોતાના ભૂતકાળને પડકારતાં સાથે જીવતાં એકઈન્સવેસ્ટીગેટર, દેવની મુસાફરીને અનુસરે છે. જિજ્ઞાસા સિંઘ, પૂજા બેનર્જી, અમિત દોલાવત અને જયશ્રી અરોડા પણ અગત્યના પાત્રો તરીકે હોવા સાથે આશિષ ચૌધરીને એક એવી પદવી પર ચમકાવશે. પેનિન્સુલા પ્રોડકશન્સ દ્વારા નિર્મિત, દેવ ૨, ૨૫મી જૂનના રોજ પ્રીમિયર થઈ, દર સોમવારથી ગુરુવાર રાત્રે ૧૦-૩૦ કલાકે ફક્ત કલર્સ પર દર્શાવવામાં આવશે.

## આંતરરાષ્ટ્રીય યોગા દિવસે વડાપ્રધાને ધ યોગા ઈન્સ્ટિટ્યૂટનું રાષ્ટ્રીય એવોર્ડથી સન્માન કર્યું

મુંબઈ

મુંબઈનાં સાંતાક્રૂઝ (પૂર્વ)માં સ્થિત ધ યોગા ઈન્સ્ટિટ્યૂટને ૨૦૧૮માં યોગાનાં વિકાસ અને પ્રોત્સાહનમાં ઉત્કૃષ્ટ પ્રદાન કરવા બદલ પ્રધાનમંત્રીનો પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યો છે. ધ યોગા ઈન્સ્ટિટ્યૂટે આ એવોર્ડ ‘ઓર્ગેનાઈઝેશન – નેશનલ’ કેટેગરીમાં મેળવ્યો છે. આ એવોર્ડની જાહેરાત આંતરરાષ્ટ્રીય યોગા દિવસ પર કરવામાં આવી છે. એવોર્ડ જાહેર કરવા માટે આનાથી વધારે સારો સમય અન્ય કોઈ ન હોઈ શકે. વળી સંસ્થા ૨૦૧૮માં પોતાની સ્થાપનાનાં શતાબ્દી વર્ષની ઉજવણી કરી રહી છે. સંસ્થાની સ્થાપના વર્ષ ૧૯૧૮માં શ્રી યોગેન્દ્રજીએ કરી હતી અને તેની સ્થાપનાનું ૧૦૦મું વર્ષ ૨૫ ડિસેમ્બર, ૨૦૧૭થી શરૂ થયું હતું. સંસ્થાએ ૫૦,૦૦૦થી વધારે યોગા શિક્ષક તૈયાર કર્યા છે અને ૫૦૦થી વધારે પુસ્તકોનું પ્રકાશન કર્યું છે – જે ભારતીય અને આંતરરાષ્ટ્રીય એમ બંને સમાજનાં દરેક તબક્કા માટે યોગાનાં સંપૂર્ણ પ્રોત્સાહન અને વિકાસમાં સિંહફાળો સૂચવે છે. નિર્ણાયક મંડળે આયુષનાં સચિવની અધ્યક્ષતામાં રચાયેલી ચકાસણી સમિતિની ભલામણોનો અભ્યાસ કર્યો હતો અને શોર્ટલિસ્ટ તૈયાર કર્યું હતું. ધ યોગા ઈન્સ્ટિટ્યૂટનું ટ્રોફી, સર્ટિફિકેટ અને રૂ. ૨૫ લાખનાં એવોર્ડ સાથે સન્માન કરવામાં આવશે. ધ યોગા ઈન્સ્ટિટ્યૂટની મુલાકાત શરૂઆતમાં સાત સાધકો લેતાં હતાં અને અત્યારે દરરોજ ૨,૦૦૦થી વધારે સાધકો મુલાકાત લે છે. ધ યોગા ઈન્સ્ટિટ્યૂટમાં પ્રસિદ્ધ ફિલ્મ સિતારા, પ્રભાવશાળી રાજકારણીઓ, બુદ્ધિશાળી વૈજ્ઞાનિકો, પ્રોફેસર અને સામાન્ય વ્યક્તિઓ કોઈ પણ પ્રકારનાં પૂર્વગ્રહ વિના એકબીજાની સાથે યોગ શીખે છે.

## મેસેન્જર ઓન સાયકલ્સ : અમદાવાદ ૧૨ કિ.મી. સાયકલ સવારી દ્વારા બધિરાંધતાં માટે જાગૃતતા ઉભી કરે છે



અમદાવાદ

હેલન કેલરના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે, સેન્સ ઈન્ડિયા અને અમદાવાદના ૨૫૦ થી વધુ સહભાગીઓ (વિકલાંગ લોકો સહિત- ત્રિકોણીય ચક્ર અને હાથ ચક્ર રાઈડર્સ સહિત) બધિરાંધ બાળકો અને વયસ્ક લોકોની સવલત, શિક્ષણ અને સહાય માટે સવારી કરશે.૨૫૦ થી વધુ અમદાવાદીઓ બધિરાંધ લોકો માટે સમગ્ર ભારતમાં જાગૃતતા ફેલાવવા અને તેમના માટે સમાન સમાવેશ લાવવા ૧૨ કીમીના સાઈકલ સવારી કરશે. આ સાઈકલ સવારો સાઈકલ પાર સવાર સંદેશ વાહકો બનીને અન્ય વિકલાંગ સાથી સાઈકલ સવારો સાથેય ૨૨ રાજ્યોના ૭૭,૫૦૦ થી વધુ બધિરાંધ લોકો માટે ઉજ્જવળ ભવિષ્યનો આધાર બનશે.છેલ્લા ત્રણ વર્ષથી,સેન્સ ઈન્ડિયા બધિરાંધ લોકો માટે સંવેદનશીલતા અને જાગરૂકતા ફેલાવવા આ અભિયાનનું આયોજન કરી રહ્યું છે જેમાં બધિરાંધ લોકોના શિક્ષણ અને આરોગ્યનું મહત્વ સમજાવવા માટેનો સંદેશો આપવા આ વિકલાંગ લોકો અને અન્ય લોકોને આ સમાન સાયક્લિગ પ્લેટફોર્મ પર એકસાથે લાવવામાં આવે છે. આ વર્ષે, સાઈકલ સવારી સાથે, ભૂમિગત પ્રવૃત્તિઓ અને બાળકો તેમજ પુખ્ત વયના લોકો માટે લાઈફ સાઈઝ સાપ-સીડી, બોલીવુડ ઝુમ્બા જેવી અન્ય પ્રવૃત્તિ અને રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## શ્રી દેવભારતી મહારાજના પાવન વચનોથી શ્રી રાજારામજી મહારાજે ઈશ્વર ભક્તિનો માર્ગ પકડ્યો



**જ્ઞાન સરિતા**
**-મુકેશ આંજણા**

શ્રી રાજારામજી મહારાજે આધ્યાત્મિક ગુરુ શ્રી દેવભારતી મહારાજ સાથે મિલાપ થયા બાદ તેઓના જીવનમાં અનેક પરિવર્તન આવ્યા હતા. શ્રી દેવભારતી મહારાજના પાવન વચનોથી આધ્યાત્મિક જગતમાં પ્રવેશ કર્યો હતો. શ્રી રાજારામજી મહારાજ બાળપણથી ઈશ્વરના ભક્તિમાર્ગ પર હતા. આ સૃષ્ટિ ભગવાનની લીલા અનેક ચમત્કારોથી ભરેલ છે. ભગવાન પૃથ્વી પર અવતાર લઈને પોતે લીલા કરે છે પરંતુ સાધારણ માનવી જેમ વર્તન કરીને સમાજને નવો દિવ્ય પ્રકાશ આપીને પ્રભાવિત કરે છે. આદર્શ સમાજનું નિર્માણ માટે ઉપદેશ પણ આપવામાં આવતા હોય છે.

શ્રી રાજારામજી મહારાજએ ઠાકુરને પોતાની લીલા દેખાડી તેથી તેઓનામાં પરિવર્તન આવ્યું હતું અને એક નવા જીવનનો અનુભવ થયો હતો. ઠાકુરે શ્રી રાજારામજી મહારાજમાં પરમાત્માના દર્શન કર્યા હતા. તેઓને એવો અહેસાસ પણ થયો હતા કે શ્રી રાજારામજી મહારાજમાં કોઈ દિવ્ય શક્તિ પડેલી છે.

શિકારપુરા ગામમાં મોટું તળાવ આવેલ હતું તેની આસપાસ એક વૃક્ષના નીચે શ્રી રાજારામજી મહારાજએ ભક્તિ કરવા માટે સ્થાન નક્કી કર્યું હતું. ત્યાં ઈશ્વરની ભક્તિ વર્ષો સુધી કરી હતી.

શ્રી રાજારામજી મહારાજ સંસારિક જીવનના બંધન માંથી મુક્ત હતા. માત્ર પ્રભુ પ્રેમ સિવાય અન્ય કોઈ વસ્તુ પોતાના માનસ પર અસર થવા દીધી ન હતી. શ્રી રાજારામજી મહારાજ રાત -દિવસ પ્રભુનું સ્મરણ કરતા હતા.શ્રી રાજારામજી મહારાજ પર ઘોર તપસ્યાના લીધે પ્રભુ કૃપા થઇ હતી. તળાવના કિનારે ત્યાં એક મંદિર હતું ત્યાં સિદ્ધ સંત દેવભારતી મહારાજે પણ પ્રભુ ભક્તિ કરી હતી. શ્રી દેવભારતી મહારાજે પ્રેમ પૂવર્ક શ્રી રાજારામજી મહારાજને પોતાના શિષ્ય બનાવ્યા હતા. શ્રી દેવભારતી મહારાજ પાસેથી શ્રી રાજારામજી મહારાજે અનેક આધ્યત્મિકતાના પાઠ ભણ્યા હતા.

સદગુરુ અને યોગ્ય શિષ્યનું મિલન પ્રભુ કૃપાથી થતું હોય છે. આ એક સુખદ અવસર કહેવાય કે પરમાત્માના આશીર્વાદ મળતા તેની કૃપાથી બધું શક્ય બનતું હોય છે.

ગુરુ વિના જ્ઞાન નહીં. સાચો ગુરુ તે છે જે પોતાના શિષ્યનું હિત વિચારે છે. શ્રી દેવભારતી મહારાજે સિદ્ધ થયેલ ગુરુ હતા કે પોતાના પ્રિય શિષ્ય શ્રી રાજારામજી મહારાજનનું હિત ધ્યાનમાં રાખી સંપૂર્ણ અપેક્ષિત જ્ઞાન આપ્યું હતું.

એક ગરીબ ખેડૂત પરિવારમાં શ્રી રાજારામજી મહારાજનો જન્મ થયો હતો તેઓ ખૂબ જ સંવેદનશીલ હતા. સાચા અર્થમા કહીતો તેઓને આધ્યાત્મિક જગતમા પ્રવેશવા માટેનું માધ્યમ શ્રી દેવભારતી મહારાજ બન્યા હતા.

શ્રી રાજારામજી મહારાજે પ્રભુ ભક્તિમાં લીન થઈને પોતાના ગુરુ શ્રી દેવભારતી મહારાજે આપેલ ઉપદેશ અનુસાર અનુસરણ કરીને ઈશ્વરીય શક્તિ પ્રાપ્ત કરીને તે શક્તિ મનુષ્યના કલ્યાણ માટે ઉપયોગ કરી હતી.સંત શ્રી રાજારામજી મહારાજે ઠાકુરને ત્યાંથી હાળીપણું છોડીને આધ્યાત્મિક માર્ગ અપનાવીને શિકારપુરા ગામના તળાવને કિનારે બેસી તપસ્યા કરી રહ્યા હતા તે સમયે મારવાડ પ્રદેશમાં શ્રી રાજારામજી મહારાજની ભક્તિ વિશેની ચર્ચાએ ખૂબ જ જોર પકડ્યું હતું. શ્રી રાજારામજી મહારાજની ઉપદેશાત્મક વાણીની ખ્યાતિ ચારે દિશામાં ફેલાઈ ચૂકી હતી. શ્રી રાજારામજી મહારાજને મરુધરાના સંત તરીકે લોકો ઓળખવા લાગ્યા હતા. કેટલાક સંસારિક લોકોને પોતાની જીંદગીમાં અનેક સમસ્યા હતી. તેઓ શ્રી રાજારામજી મહારાજ પાસે તેમાંથી છૂટકારો મેળવવા માટે આવતા હતા. શ્રી રાજારામજી મહારાજ પાસે આવનાર લોકોને તેઓના આશીર્વાદથી જીવનના દુઃખો દૂર થઇ જતા હતા અને લોકોને પોતાના જીવનમાં આત્મા શાંતિ મળતી અને પોતાના જીવનમાં નવીન ઉર્જા પ્રાપ્ત થતી હતી. શ્રી રાજારામજી મહારાજ મરુધરાના મહાન સંત તરીકે પ્રસ્થાપિત થયેલ છે.

(ક્રમશ.)

**- મુકેશ આંજણા**

## એન્ડ પિક્ચર્સ પ્રસારિત કરે છે, ક્રિટીકલી વખણાયેલી મુક્કાબાઝનું વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર, શનિવાર, ૨૩મી જૂન સાંજે ૮ વાગ્યે



રમતવીરની પ્રેમકથા બરેલી સ્થિત છે, વિનિત કુમાર સિંઘ એક ક્ષત્રિય બોક્સરનું પાત્ર નિભાવે છે, જે એક મુંગી- બહેરી બ્રાહ્મણ છોકરીના પ્રેમમાં પડે છે. રાષ્ટ્રિય ફિલ્મ એવોર્ડ વિજેતા અનુરાગ કશ્યપ દ્વારા, ડિરેક્ટ અને સહ-નિર્માતા, મુક્કાબાઝને ૨૦૧૭ના ટોરન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં અને ૨૦૧૭ મુંબઈ ફિલ્મ ફેસ્ટિવલમાં દર્શાવવામાં આવી હતી. વિનિત કુમાર સિંઘ, ઝોયા હુસ્સૈન, રવિ કિશન અને જિમ્મી શેરગીલને અગ્રણી ભૂમિકામાં રજૂ કરતી આ ફિલ્મ હવે એન્ડપિક્ચર્સ, નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મૂવી ચેનલ પર, શનિવાર ૨૩મી જૂન, ૨૦૧૮ના રોજ સાંજે ૮ વાગ્યે વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર માટે તૈયાર છે.મધ્યમ વર્ગની મુશ્કેલીઓ પર આધારીત, આ મૂવીમાં પ્રેમ અને હાસ્યનું પણ સુંદર મિશ્રણ કરવામાં આવ્યું છે અને પિતા- પુત્ર અને પતિ- પત્નિના સંબંધ વચ્ચેની મજાક મસ્તીને પણ દર્શાવે છે. એક એવી ફિલ્મ જે જાતિ અને રમતમાં પ્રવર્તતા રાજકારણને દર્શાવે છે, સાથોસાથ મુક્કાબાઝ સિસ્ટમની સામે એક સશક્ત અને મજબુત પગલા લે છે તથા સમાજમાં પ્રવર્તતા ઢોંગને દર્શાવે છે.

અનુરાગ કશ્યપએ, ગુનાખોરીના ગાઢ વિશ્વની શોધખોળ પાછળના વ્યક્તિ છે, તેઓ કહે છે, ભારતીય સિને જગતના દિલ સુધી પ્રેમકથા દ્વારા જ પહોંચી શકાય છે. “હું એવું શિખ્યો છું કે, ભારતમાં તમારે જે કંઇ પણ કહેવું હોય, તે તમે એક પ્રેમ કથા દ્વારા જ કહી શકો છો. આ જ બાબત લોકો સમજી શકે છે. આ મારી પ્રથમ સંપૂર્ણ પ્રેમ કથા છે.” કહે છે, અનુરાગ કશ્યપ.આ ફિલ્મ શ્રવણ સિંઘ (વિનિત કુમાર સિંઘ)જે એક સામાન્ય માણસ છે, તેની લડાઈની સામાજિક કથા છે. જેને પોતાના પ્રેમ અને બોક્સિંગની કારકીર્દી માટે લડવાનું છે. ઘણી લડાઈ શ્રવણે લડવાની છે, તેમાંની એક છે, સ્થાનિક ગુંડા જેનું નામ છે, ભગવાન દાસ મિશ્રા (જિમ્મી શેરગીલ), જે રાજ્ય બોક્સીંગ ફેડરેશનનો વડા છે. ધીમે-ધીમે લડાઈ વધી જાય છે, કારણકે શ્રવણ ભગવાનની સુંદર ભત્રીજી સુનૈના મિક્ષા (ઝોયા હુસ્સૈન)ના પ્રેમમાં પડે છે. ભગવાન દાસ શ્રવણની બોક્સિંગ કારકીર્દી અટકાવવાના સાથોસાથ તેને પોતાની ભત્રીજીથી દૂર રાખવાના પ્રયત્ન કરે છે. વાર્તામાં પોતાના સપના પૂરા કરવા માટે શ્રવણની મહેનત અને તેના પ્રેમની જીત દરમિયાન જ બોક્સીંગ ફેરેશનમાં પ્રવર્તતા વર્ગવાદ અને ભ્રષ્ટાચારની વચ્ચે વિજેતા બને છે જેનાથી ઉત્તર પ્રદેશના રાજકીય વાતાવરણમાં ગરમાવો થાય છે.




### સામેવાળી ભીંતની ખીલી

નટુ ભીંતમાં ખીલી મારતો હતો પણ અણીનો ભાગ ભીંતની અવળી બાજુ રાખીને ખીલી મારતો હતો.

નટુ : 'જુઓને કારીગરે ખીલી ઉંધી બનાવી છે ?

જટુ : 'કારીગરે ખીલી ઉંધી નથી બનાવી પણ આ ખીલી સામેવાળી ભીંતની છે.. જો ને અણી તે ભીંત તરફ છે..'

ooo

### ધરતી અને ચંદ્રનો સંબંધ

છગન : 'બોલ મગન ધરતી અને ચંદ્રને શો સંબંધ ?'

મગન :

'ધરતીને આપણે માતા કહીએ છીએ અને ચંદ્રને મામા કહીએ છીએ તેથી ભાઈ બહેનનો સંબંધ છે.

ooo

સસરાનો ફોન આવ્યો જમાઈ રાજ કાલે સાળા માટે છોકરી જોવા જવાનું છે. બની શકે તો આવી જજો.

જમાઈરાજઃ તમે લોકો જોઈ આવો. મારો તો ખુદનો નિર્ણય ખોટો પડયો છે.

ooo

તમે કુંવારા હતા ત્યારે આવકમાંથી તમે થોડા કમાણા, માતા પિતા ભાઈ બહેનને આપતા હતા પણ લગ્ન બાદ પુરેપુરી રકમ ઘરવાળીને આપવી પડે છે તેનું નામ જીએસટી ઘરવાળીનો સર્વિસ ટેક્ષ.

oooo



## મધુવન

**'ભુખ જયારે ગરીબના ઘરમાં**
**આસરા થઈને આવવા માંડે,**
**ભુખ્યા બાળકને સુવાડી દેવા**
**રંક, રાજાની વાર્તા માંડે'**

'ખલીલ ધનતેજવી' ના આ મુકતકમાં ગરીબી અને ભુખની વાત વ્યકત થઈ છે. ઘણીવાર મેં લોકોને સાંભળ્યા છે કે પ્રભુ ભુખ દેજે પણ દુઃખ ના દેતો. ગરીબ અને ગરીબીની વ્યાખ્યા નેતાઓ પોતાના રોટલા શેકવા માટે કરતા રહે છે. ગરીબી એ રાતોરાત અમીર થઈ જવાનું દેશના નેતાઓનું પગથિયું છે. એ પગથિયેથી ઘણા લોકો રાતોરાત શ્રીમંત બની જાય છે.

**'શર્મ આતી હૈ મજદુરી બતાતે હુએ હમકો,**
**ઈતને મેં તો બચ્ચેં કા ગુબ્બારા નહીં મીલતા'**

મુનવ્વર રાનાના આ શે'ર માં એક વ્યથા છે. આજે હાલત એવી કપરી થઈ ગઈ છે કે ગરીબ માણસને જીવવું જ પરવડે એવું નથી. વ્યવસ્થા અને વહીવટના અભાવે આપણા દેશમાં લાખો ટન અનાજ સડી કે બગડી જાય છે. સામે હજારો લોકો ભુખના લીધે મોતને ભેટે છે.હજારો મકાનો શ્રીમંતોના ધુળ ખાય છે, રાજમહેલ ખંડેર બની ગયા છે. બંગલાઓ ડાક દેવા લાગ્યા છે, ઈમારતો ગુંગળાઈ રહી છે, કેટલાંય મકાનો ખાલી છે એની સામે ઘણા લોકોને રહેવા માટે ઉપર આકાશ અને નીચે જમીન છે.

**'છપ્પન ભોગનાં દર્શન કરી ઝુંપડીમાં આવી**
**પાણી પીને સુઈ ગયો'**

ધનસુખલાલ પારેખના આ કાવ્યમાં એક કડવી વાસ્તવિકતાનો અનુભવ થાય છે. પાડોશીને પાણી ન પાનારાઓ પોતાના પુર્વજોની મુક્તિ માટે યજ્ઞો કરે છે, હોમહવન કરે છે.

જીવતા માણસને એક રોટી ન આપનારા આપણે પથ્થરની મૂર્તિ સમક્ષ છપ્પન ભોગ ધરાવીએ છીએ જેને પેટ જેવું કંઈ નથી એને અન્નકુટો જમાડીએ છીએ સાચે જ આપણે માણસને મારીને ઈશ્વરને જીવાડીએ છીએ.

**'ભુખે બચ્ચોં કી તસલ્લી કે લીયે,**
**માંને ફીર પાની પકાયા દેર તક'**

નવાજ દેવબંદીની પ્રખ્યાત ગઝલ 'વો રૂલાકર હસ ન પાયા દેર તક..' નો આ શે'ર છે. એક દારૂણ ચિત્રનાં દર્શન આપણને આમાં થાય છે. માએ કશુંક ચુલા ઉપર ચડાવ્યું છે એવી આશામાં જાગતાં બાળકો હમણાં કશુંક ખાવાનું મળશે, હમણાં કશુંક ખાવાનું મળશે એવી આશામાં ભુખ્યા પેટે સુઈ જાય છે અને માત્ર પાણી ઉકાળતી બેસી રહે છે.

**'ઠંડા ચુલ્હા દેખકર રાત ગુજારી ઉસ ગરીબને**
**કમબખ્ત આગથી કી પેટ મેં રાતભર જલતી રહી'**

દરેક જીવની જરૂરીયાતને સંતોષી શકાય એટલું આ સૃષ્ટીમાં, આ જગતમાં પહેલેથી જ છે. 'છે સર્વની જરૂરત અંગે સઘળું પૃથ્વી પાસ, કહે ગાંધી લોભ કાજે નહીં રાખશો આશ' એક વ્યક્તિના લોભને સંતોષી શકવાની ક્ષમતા સમગ્ર સૃષ્ટી પાસે નથી.

**'ના જાને વો બચ્ચા કીસ સે ખેલતા હોગા,**
**વો જો મેલે મેં, દિનભર ખિલૌના બેચતા હૈ,**

પ્રેમચંદની 'ઈદગાહ' વાર્તા આપણે સુપેરે જાણીએ છીએ. ગરીબ અને ગરીબનાં બાળકોની વાત આ શબ્દોમાં છે. અંતે જોઈએ વધુ એક શે'ર ગરીબી ઉપર.

**'ઈતના ભુખા હું સાહબ**
**ધોખા ભી ખા લેતા હું'**

**ધેંગાભાઈ એન'સરહદી'**
ગુરૂકૃપા બંગલોઝ-૨ નાની પાવડ (થરાદ)
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

## આજનો માનવી

માન સન્માનનો વ્યવહાર જાળવવા મીઠું બોલે છે માનવી
સત્તા અને સંપત્તીના સહારે શિખરે પહોંચ્યો છે માનવી
પદ, પ્રતીષ્ઠા ને પ્રસિદ્ધી પામવા રૂપિયા વેડફે છે માનવી
પરીવારના સંબંધથી વિખુટો પડવા લાગ્યો છે માનવી
સત્તા અને સંપત્તિના ઘમંડમાં રોફ જમાવી રહ્યા છે માનવી
ઈર્ષા, અદેખાઈના અંધકારમાં બધે અથડાય છે માનવી
રાજરમતો રમવામાં ખુદ હારી રહ્યો છે કુંડાળામાં માનવી
ખુદનાજ બન્યા છે દુશ્મના સત્તાના શિખરેથી ઉતારે છે માનવી
લાંચ કટકીના વ્યવહારમાં ખુદ ફસાઈ બીજાને ફસાવે છે માનવી
કાયદાના સકંજામાં ફસાય છે ત્યારે કોડી નો થાય છે માનવી
હાથના કર્યા હૈયે વાગે ત્યારે આંખ ખુલશે પસ્તાશે માનવી
આયનો નહીં છુપાવે ચહેરાની અસલીયત તારી ઓ માનવી
ફાંફા મારવાનો સમય નથી સારૂં જીવન જીવી લે ઓ માનવી
સ્વાર્થ અને આંધળા પ્રેમ પાગલ નહીં બન તું ઓ માનવી
નહીં કરવાનું કૃત્ય કરતાં અટકી જા ઓ મહાન શ્રેષ્ઠ માનવી
માનવ સેવા એ જ પ્રભુ સેવા ખુદાની કરી લે બંદગી માનવી
વીરા બીજા માટે નહીં પરંતુ ખુદના માટે બનાવી લે જીગરી માનવી

**વીરાભાઈ સી.ચાવડા (કાણોદર)**

## મુકતકો

તારી યાદોમાં મારા હૃદયે મુજને મારી આત્મા રૂપી
અયોધ્યામાં વનવાસ આપી દીધો છે હું નથી રહ્યો મારો
મુજ આત્મામાં મુજને ખોળતો ફરું છું હું કેવો ભટકેલો રામ?
પરંતુ શ્વાસે શ્વાસે આશ તુજ દિલની લંકા જીતવાની
શું મારા દિલે તમ પાસેથી લોન લીધી છે સજનવા
કે તારી યાદ ઘડીએ ઘડીએ આવીને હપ્તો ઉઘરાવી જાય છે
જીવનનો ચેક મારો અહીં તહીં રઝળતો કોરો કોરો
આવીને તેમાં થોડું પ્રેમનું બેલેન્સ કરાવો સજનવા
માનતી હોય દુનિયા એમના પ્રેમને પાપ તો તુજ સંગ
પ્રેમગીત કરી રોજ એક પાપ કરૂં છું કારણ કે હું
બેઠો બેઠો વિચારૂં છું કે પછી આ દુનિયાનું શું થાશે ?
શું થાશે બિચારી ગંગાનું, શું થાશે મંદીરો સંતોની રોજગારીનું ?

**સોલંકી કરમસીંહ મનોપંથી મોટા**

## ફતુરામ સુધરી ગયો

ફતુરામ નામનો ડોસો હતો. એકલો હતો ઘણા વર્ષો પૂર્વે તેની પત્ની મરી ગઈ હતી. ને પુત્ર હતો એ રાજાના ત્યાં સૈનિક તરીકે નોકરી કરતો હતો. નગરીના રાજા પર પાસેનો રાજા ચડી આવતાં રાજાના સૈન્યે મુકાબલો કરવા, જંગ લડવા માટે જવું પડયું હતું એ સૈન્ય સૈનિકો ભેગો ફતુરામનો પુત્ર માર્યો ગયો હતો. રાજાના નિયમ મુજબ ફતુરામને માસિક ખર્ચી પેટે નાણાં મળી રહેતા હતા ને એના સહારે ફતુરામનું ગાડું ગબડતું હતું પણ પણ એ નાણાં જાણે ઓછા પડતાં હતાં. તેથીફતુરામને થતું હતું રાજાની ખર્ચી તો મહિનામાં એક જ દિવસ મળે છે અને એ તરત જ વપરાઈ જાય છે. પછીના બધાય દિવસ મારે તકલીફ રહે છે તો એવો કોઈ ધંધો કરૂં જેથી રોજ હાથ પર પૈસા રહે અને રાજાની સાડાબારી પણ રાખવી ન પડે. ફતુરામે એ મામલે ખુબ જ વિચારો કર્યા.

આખરે દુધનો ધંધો કરવાનું નક્કી કરી દીધું એ પછી તે રાજા પાસે ગયો અને કહી બેઠો મહારાજ... બોલો ફતુરામજી... એ નગરીનો રાજા વિવેકી હતો.

આપશ્રી મને દર મહીને ખર્ચીના જે નાણાં આપો છો એને હું બંધ કરૂં છું.. કેમ ભઈ..ઈ. રાજાએ સવાલ કર્યો.

પણ ફતુરામ જવાબ આપ્યા વિના જ ત્યાંથી નીકળી ગયો. ઘેર આવ્યો ત્રણ દી પછી એણે દુધ વેચવાનો ધંધો શરૂ કર્યો. લોકોએ જાણ્યું કે કેટલાક તો વળી પુછી બેઠા ત્યારે ફતુરામે જવાબ આપ્યો.. રાજાની થોડી રૂપરડીથી ઘર ચાલતું નથી તુટ પડે છે એટલે આ ધંધો શરૂ કર્યો છે..

દુધના ધંધામાં ફતુરામને વહેલા ઉઠી જવું પડતું દુર જઈને એક મોટો દેગડો ભરી દુધ લાવવું, ઉંચકવું પડતું.. પછી એને ઘેર ઘેર વેચવા જવું પડતું.. એમાં પણ મજુરી તો હતી જ વળી જો દુધ વેચાય નહીં અને પડયું રહે તો સાંજ સુધીમાં ફાટી જાય. એનું દહીં બને અને પાછું સાચવીને રાખવું પડે. જોકે દુધના શરૂ કરેલા ધંધામાં દુધના અને દહીં વેચાણના પૈસા મળતા હતા. ફતુરામને કંઈક આનંદ હતો.

હા આ ધંધામાં પૈસા મળતા પણ આખો દિવસ કામ, કામ કામ અને કામ રહેતું.. પગ વાળીને બેસવાનો સમય રહેતો નહીં. જ્યારે રાજાના ત્યાંથી ખર્ચીના પૈસા આવતા એ ટાણે આરામ જ આરામ રહેતો.

ફતુરામને આ મામલે ઘણો પસ્તાવો થઈ આવતો પણ હવે શું થાય ? રાજાની પાસે જઈને કહેવાય તો નહીં કે આપ ફરી વાર મારી ખર્ચી ચાલુ કરો. ફતુરામને કંઈક શરમ પણ આવી જતી. દુધના ધંધામાં જફામારી ખુબ જ હતી. આ તો ઉલમાંથી ચુલમાં પડયા જેવો ઘાટ ઘડાઈ ગયો.

સમય વધતો હતો. ફતુરામે દુધના ધંધામાં ઝાઝું કમાવાનું સપનું સજાવ્યું હતું એ તુટવા માંડયું.. પૈસા આવતા અને વપરાઈ જતા. ખર્ચાઈ શી બચતના નામે મીંડુ થતું.

ફતુરામને થયું આ તો કેમ ચાલશે ? બે પૈસાનોય નફો નહીં મળે તો ટાંટીયા તોડવાનો અને વજન ઉપાડવાનો શો અર્થ ? ફતુરામ ચિંતામાં ડુબી ગયો. શું કરીશ.. શું કરીશ.. ની વીટ-બણામાં અટવાવા લાગ્યો.

હવે ફતુરામ રોજ સવારે દુધ લેવા અને લઈને પાછા આવતા મારગમાં ધમડી નદી આવતી હતી એ નદીમાં પાણી માત્ર ઉનાળા દરમિયાન જ રહેતું બાકીના સમયમાં એકલી કોરી ધુળ હોય ..હા. એ કોરી ધુળને ખસેડીને ખાડો ખોદવામાં આવે તો પાણી નીકળે..ફતુરામે એ દિવસે જ્યાંથી દુધ લાવતો હતો ત્યાં દુધ ઓછું મળ્યું એને એથી ચિંતા થઈ.. મારા બધા ગ્રાહકોને કેવી રીતે દુધ આપીશ ? આમેય મારો ધંધો ખોટમાં જાય છે અને એમાં વળી...ફળ સ્વરૂપે ફતુરામે ખાડો ખોદીને પાણી કાઢી દુધમાં નાખ્યું એ દિવસ તો ચાલ્યું પણ પછી ફતુરામનો રોજના ક્રમ થઈ ગયો. દુધમાં પાણી નાખે અને કંઈક વધુ કમાય...

પણ.. એક દિવસ આ ચોરી પકડાઈ ગઈ. ગામનો ઢોર ચરાવતો ભગો ભરવાડ એ દિવસેબહારગામથી આવતો હતો એ જોઈ ગયો. એ તો સ્તબ્ધ થઈ ગયો એને થયું આ તો દુધ લેનારાના આરોગ્ય સાથે ચેડા કહેવાય.. એણે રાજાને ફરીયાદ કરી. બીજા દિવસે રાજાએ પ્રત્યક્ષ જોયું.. ફતુરામને બોલાવ્યા, સમજાવ્યા ને ફતુરામ ન જાણે સુધરી ગયો.. લોકોના આરોગ્યની સાથે ચેડાં નહીં કરવાની ખાતરી આપી.

**રેણુ વિષ્ણુકુમાર બારોટ (અમદાવાદ)**

## એક ગઝલ

ઉપર આસમાન છે નીચે ધરતી
દુનિયા ચાહે ગમે તે વાત કરતી
અમે અલગારી આમાં મસ્ત રહેતા
બધાને પણ કેવા અસ્તવ્યસ્ત કરતા
ગુલ ખીલે યા ગુલશન ખીલે
મસ્તીમાં અમે કયાં પાસે હટતા ?
રહે સમય તમારા હાથમાં કયારે
શું પકડી રાખશો સમયને કયારે ?
રંગ રંગની દુનિયાદારી આ તો
બદલાય છે કાચંડાના રંગો ય કયારે ?
નાસીપાત બની જશે જીંદગીમાં
એ ઈન્સાન શૈતાન પણ બનશે
દૌલત રૂપ જવાની અને પૈસાને
કદી કોઈ બંદીવાન બનાવશે શું ?
સબ્ર કરતાં શીખી લેશો તમે
ક્ષમાવાન નર નારી પુજાશે જ્યારે

**બી.પાટણવાડીયા (અમદાવાદ)**

## તારૂં નામ લખું

નદી કીનારે બેઠો હતો ને
થયું કે તારૂં નામ લખું
ઝાડના છાંયડે બેઠો હતો ને
થયું કે હાથમાં તારૂં નામ લખું
મારા હૈયામાં વસી તો ગયેલા છો
છતાં કે તારૂં નામ લખું

**સુંડાજી ઠાકોર (સુરાણા)**

# પકડાઈ ગયો દુશ્મન

એક જંગલમાં શેરસિંહ નામનો રાજા રહેતો હતો. એના સુશાસનમાં જંગલમાં ચારે બાજુ આનંદ આનંદ જ હતો.જંગલના પ્રાણીઓ રાજા શેરસિંહનો આદર કરતા હતા.જંગલના પ્રાણીઓ પોતાના રાજા માટે બધું જ કરી છુટવા તૈયાર રહેતા હતા.

મહારાજ શેરસિંહ હંમેશા એની ફીરાકમાં રહેતા હતા કે એવું કયું કાર્ય કરી શકાય કે જેના દ્વારા પોતાના જંગલનું નામ પ્રથમ આવે.એટલે શેરસિંહ જંગલમાં વિજ્ઞાનને મહત્વ આપવા માંડયું. એમણે જંગલમાં એક વિજ્ઞાન વિભાગ પણ સ્થાપિત કરી રાખ્યો હતો. આ વિભાગમાં નાના મોટા અનેક ક્ષેત્રોમાં હોંશિયાર વૈજ્ઞાનિકો પોત પોતાનું કાર્ય કરતા હતા.

દર પાંચ વર્ષે વૈજ્ઞાનિકો પોતાના સભ્યોમાંથી એકને અધ્યક્ષ તરીકે ચુંટતા હતા. ત્યારબાદ રાજા શેરસિંહ એને નવો અધ્યક્ષ ઘોષિત કરતા હતા. આ પ્રકારે બધા વૈજ્ઞાનિકો પોતાના નવા અધ્યક્ષના નિર્દેશન અનુસાર વૈજ્ઞાનિક શોધોમાં લાગી જતા હતા. આ જ કારણે શેરસિંહનું વન ઉત્તરોત્તર પ્રગતિ કરતું હતું.

આ વર્ષે નવા અધ્યક્ષ પદે ડૉ.શીયાળચંદને નિયુકત કરવામાં આવ્યા. અધ્યક્ષ શિયાળચંદ નવા મશીનો બનાવીને તેનું વનમાં પ્રદર્શન કરતા હતા.

થોડા દિવસો સુધી તો બધું બરાબર ચાલ્યું પણ એક રીંકુ વાંદરાને શિયાળચંદની નવી નીતીથી આપત્તિ થઈ. મશીનોની સાથે ડૉ.શિયાળચંદે હવે તો હથિયારો અને દુરસંચારના સાધનોનું પણ પ્રદર્શન કરવા માંડયું.

મોટા મોટા મશીનોનું નિર્માણ અને વારંવાર પ્રદર્શન થતા રાજયનો ખજાનો પણ ખાલી થવા લાગ્યો. વિજ્ઞાન વિભાગનો ખજાનો તો કયારનોય ખાલી થઈ ગયો હતો. આ કારણે વૈજ્ઞાનિકોને નવી નવી શોધો કરવાને માટે કોઈપણ પ્રકારનું ભંડોળ મળતું નહોતું. રીન્કુ વાંદરાએ મહારાજા શેરસિંહને બધી વાત કહી. આ સાંભળીને રાજા શેરસિંહનું માથું ભમી ગયું. એમને લાગ્યું કે જરૂર કોઈ ગરબડ લાગે છે.

રાજા શેરસિંહે જંગલના સૌથી ખાસ જાસુસ ભોલા રીંછને બોલાવીને આ ઘટનાની તપાસ કરવાનું કહ્યું, ભોલા રીંછે અન્ય સદસ્યોની સાથે ડૉ. શિયાળચંદની પણ જાસુસી કરવા માંડી.

ભોલા રીંછના જાસુસોની ટોળીએ શોધખોળના અંતે જે રીપોર્ટ તૈયાર કર્યો ત્યારે જાણવા મળ્યું કે ડૉ. શિયાળચંદ અન્ય જંગલનો વૈજ્ઞાનિક હતો. જ્યાંનો રાજા બબ્બરસિંહ હતો જે શેરસિંહનો નંબર વન દુશ્મન છે. બબ્બરસિંહે જે ડૉ. શિયાળચંદને શેરસિંહના જંગલની જાસુસી કરવાને માટે જ મોકલ્યો હતો.

ડૉ. શિયાળચંદે અધ્યક્ષ બન્યા બાદ પોતાનું કાર્ય ચાલાકીથી શરૂ કર્યું. પ્રદર્શનીના બહાને સારા સારા મશીનો અને યંત્રોને પોતાના રાજાની પાસે પાર્સલ કરીને મોકલવાના શરૂ કર્યા હતા. તેણે જંગલનો ખજાનો પણ ખાલી કરવાની શરૂઆત કરી દીધી હતી.

રાજા શેરસિંહે જ્યારે આખો રીપોર્ટ વાંચ્યો ત્યાં તરત જ ઈન્સ્પેકટર ગેંડામલને અને સેનાધિકારી ચિત્તાસિંહને આદેશ આપીને ગદારને જલદીથી પકડીને દુશ્મનો તરફથી થનાર હુમલાથી બચવાનો ઉપાય શોધવા લાગ્યા.

રાજા શેરસિંહના આદેશથી જંગલમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું. ડૉ. શિયાળચંદને ગિરફ્તાર કરીને જેલમાં પુરવામાં આવ્યો.

વૈજ્ઞાનિક રીંકુ વાંદરો અને જાસુસ ભોલા રીંછના કારણે એક મોટી આફત ટળી ગઈ હતી. મહારાજા શેરસિંહે જંગલમાં એક મોટી પાર્ટીનું આયોજન કર્યું. જેમાં બંનેની પ્રશંસા કરી અને એમને યોગ્ય ઈનામ આપીને એમને બીરદાવ્યા. જંગલના અન્ય પ્રાણીઓએ પણ તાળીઓના ગડગડાટ વચ્ચે સૌનું અભિવાદન કર્યું.

**કમલેશ કંસારા**

# બાળકની બહાદુરી

ગુજરાત રાજ્યમાં ડાંગ જિલ્લાની આ વાત છે. ડાંગ એટલે લાકડી. તે ઉપરથી આ જિલ્લાનું નામ ડાંગ જિલ્લો પડયું છે. ગુજરાતમાં સૌથી નાનો જિલ્લો છતાં અખૂટ વનસ્પતિથી ભરપૂર ગિરિ કંદરાઓ અને કુદરતી સૌંદર્યથી આચ્છાદિત આ પ્રદેશ ગિરા પૂર્ણા, ખાપરી અને અંબિકા એમ ચાર નદીઓના ખીણ પ્રદેશમાં વહેંચાયેલો છે.

ડાંગ પ્રદેશના જંગલોમાં પહાડો ઉપર ઉંચા ઉંચા વૃક્ષો અને મોટા મોટા અજગર જેવા વેલાઓ છે અને જોતાઅ પણ ચક્કર આવી જાય તેવી ઉંડી ખીણો આવેલી છે.

આવા ગીચ વનરાજી ધરાવતા પ્રદેશમાં મોટા ગામો હોતા નથી. પરંતુ આ ડુંગરી અને પેલી ડુંગરી એમ ડુંગર ઉપર છુટાછવાય વનવાસીઓના ઝુંપડા જોવા મળે છે. શરીરે પોતડી અને તીરકામઠાવાળા અહીંના વનવાસીઓ માંડ ચારથી સાડા ચાર ફૂટ ઉંચાઈના સીસમવર્ણા અને મજબુત બાંધાના હોય છે. તેમનું ડાંગી નૃત્ય ભારત ભરમાં મશહુર છે ડાંગ પ્રદેશ બહાદુરી માટે જાણીતો છે...

ડાંગડા વનવાસીઓ વચ્ચે બારતેર વર્ષનો એક બાળક રહેતો હતો. તેનું નામ રતનસિંહ હતું. સૌ વનવાસીઓ તેને રત્નો કહીને બોલાવતા. રત્નાના પિતા વન અધિકારી હતા. તે ખૂબ બહાદુર અને કામગીરીમાં પણ કાબેલ હતા. તેઓ વનમાં વૃક્ષછેદન કરતા કે શિકાર કરવા આવતા લોકોને પકડતા અને વનનું રક્ષણ કરતા.

એક વખત રત્નાના પિતા જંગલમાં તપાસ કરવા નીકળેલા ત્યારે એક જગ્યાએ કેટલાક લોકો કુહાડીઓ કરવતો વિગેરેથી સાગના કિંમતી ઝાડો કાપતા હતા. તેમને રોકવા જતાં હથીયારધારી માણસોએ રત્નાના પિતા ઉપર હુમલો કર્યો. તેમની પાસે પણ બંદુક હતી તેથી તેમણે પણ બરાબર સામનો કર્યો. પરંતુ વૃક્ષોની ચોરી કરવા આવેલા ચોરોએ પાછળથી કુહાડીનો કારમો ઘા કર્યો અને રત્નાના પિતા મરણને શરણ થયા. આ વાત આટલેથી અટકી નહિં. ગુન્હાઓ કરતાં અટકાવનાર આ વનઅધિકારીનું વેર લેવા તેઓએ તેના કવાર્ટર પર જઈ તેમની પત્ની એટલે કે રત્નાની માતાનું પણ ખૂન કર્યું. તે વખતે બાળક રત્નો ત્રણ ચાર વર્ષની ઉંમરનો હતો. તે બહાર રમવા ગયેલો તેથી બચી ગયો. તેણે ઘેર આવીને જોયું તો તેના માતા લોહીમાં તરબોળ ઘાયલ થઈને પડી હતી. તેનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. આ દ્રશ્ય જોઈ બાળક રત્નો ખૂબ રડવા લાગ્યો.

થોડે દૂર ઝુંપડીમાં રહેતી એક વનવાસી વૃદ્ધ સ્ત્રીને તેની ખબર પડતાં તે દોડી આવી અને બાળકને પોતાની ગોદમાં લઈ છાનો રાખ્યો.

તેણે રત્નાને પોતાનો પુત્ર સમજી ઉછેરવા માંડયો. છાસ અને મકાઈનો રોટલો ખાઈ વનવાસીઓ ભેગો રત્નો મોટો થવા લાગ્યો. તેણે એક વખત વૃદ્ધ સ્ત્રીએ તેના મા-બાપ વિશે પૂછ્યું.

વૃદ્ધને થયું કે વેરનો તાંતણો લંબાવવો જોઈએ નહીં. તેથી તેણે રત્નાને કહ્યું કે'તારી માતાને વનમાં રહેનારાં વરૂએ મારી નાખી છે. અને તારા પિતા વનમાં તેની તલાશમાં ગયા છે.તેઓ રોજ સવારમાં ખાખી ડગલી પહેરી, બાંડિસ બાંધી બાંધી વનમાં જતા. માથે મોટી હેટ પહેરતા અને ખંભે બંદુક ભરાવતા. બેટા... તું ચિંતા ન કરતો. તું જયારે મુશ્કેલીમાં હોઈશ ત્યારે જરૂર તેઓ તારી મદદે આવી પહોંચશે !

એક દિવસની વાત : શિયાળની રાત્રીનો સય હતો. આકાશમાં તારા ટમટમતા હતા. સામે એક ડુંગર ઉપર લાકડા સળગાવી તાપણુ કરી ડાંગી વનવાસીઓ તેમના નૃત્યમા મશગુલ હતા. જાત જાતના ને ભાત ભાતના વાજીત્રોના તાલમા તાલ મિલાવી ગીતો ગાતાં હતા. ત્યાં સામેના જંગલમાં સાગના પાંદડા ખડ ખડ ખડ ખખડવા લાગ્યા.

લાલ લાલ દિવા જેવી બે આંખો તગતગતી હતી. પાંદડાનો ખડખડાટ અને પગલાનો અવાજ નજીક આવતો જતો હતો. રત્નાનું ધ્યાન એ તરફ ગયું. કાળ જાણે સામે આવીને ઉભો હતો ! તેણે પોતાનું તીર કામઠું ઉઠાવ્યું અને સનનન કરતું એક તીર તેમાંથી છોડયું. તે ભેગા જ એક ભારે ગર્જના થઈ વનમાં વૃક્ષો બધા ફફડી ઉઠયા. અને પંખીઓએ કીલકીલાટ કરી મુક્યો. નૃત્ય અને સંગીતમાં મશગુલ બનેલા વનવાસી નરનારીઓના પગ થંભી ગયા. સૌ કોઈ ગર્જનાથી વ્યાકુળ બની ગયા અને જેને જે મલ્યું તે ઝાડ ઉપર ચડી ગયા.

છેલ્લે મેદાનમાં એક માત્ર રત્નો હતો. તે જરા પણ ડગ્યો નહીં તેણે પણ છ પર બીજું તીર ચડાવ્યું અને જે તરફથી ગર્જનાનો અવાજ આવેલો તે તરફ છોડયું. આ તીર છોડતાં જ ભયંકર ત્રાડ સાથે એક વાઘે રત્ના પર છલાંગ મારી. ગુડ ઉપરના સૌ વનવાસીઓનાં કાળજા ધડકવા લાગ્યા કે હમણા વાઘ આ નાના બાળકને કોળિયો કરી જશે.

પરંતુ રત્નાએ જરાય ગભરાયા વગર છલાંગ મારતા જોઈ તીર કામઠું ફેંકી દઈ હાથમા સળગતું લાકડું લઈ વાઘ સામે વીંઝવા માંડયું. વાઘ સામે ઉભો ઉભો ઘુરકતો હતો. એટલામાં બંદુકની ગોળીનો અવાજ આવ્યો. અવાજ સાંભળતાં જ વાઘ નાસવા લાગ્યો. શિયાળની ઠંડી રાત્રીમાં એક સન્નાટો છવાઈ ગયો. રત્નો દોડતાં તે એક માણસ સાથે અથડાઈ પડયો. માણસે ખાખી ડગલી પહેરી હતી માથે મોટી હેટ પગે બાંધીલા બાંડીસ અને રૂઆબદાર ચાલ. એ માણસ ગીરધારી સિંહ હતા.

તેમની નિમણુંક રત્નાની પિતાની જગ્યાએ થઈ હતી. તેમણે બાળક રત્નાને ઉંચકી લીધો અને શાબાશી આપતાં કહ્યુંકે 'ખરેખર તું બહાદુર બાપનો બહાદુર પુત્ર છે. બેટા.. તારી બહાદુરી જોઈ હું ખૂબ ખુશ થયો છું મારી અહીં વન અધિકારી તરીકે નિમણુક થઈ ત્યારથી જ હું તને શોધું છું. આજે તું અચાનક જ મળી ગયો.

બાળક રત્નો પણ કાકા કહીને ગીરધારી સિંહને વળગી પડયો ત્યારે બન્નેની આંખમાં આંસુ આવી ગયાં. બાપને જાણે દીકરો મળ્યો અને દીકરાને પિતા મળી ગયા !

**નટવર હેડાઉ**

## ધાનેરાના જનાલી ત્રણ રસ્તા પાસેથી વિદેશી દારૂ પકડાયો


(એન.કે.મોદી)

(તા.પ્રતિ.) ધાનેરા

ધાનેરા પોલીસે બાતમીના આધારે જનાલી ત્રણ રસ્તા પાસેથી વિદેશી દારૂ / બિયર ભરેલી બોલેરો ગાડી ઝડપી પાડી હતી. જો કે, આરોપી નાસી છૂટયો હતો.

ટૂંકી હકીકત એવી છે કે, ધાનેરા પી.આઈ. આર.કે.પાઠકને બાતમી મળતાં તેઓએ પોતાના સ્ટાફ સાથે જનાલી ત્રણ રસ્તે નાકાબંધી કરી બોલેરો ગાડી (નં. જી.જે.૦૨ બીપી ૮૬૩૩) માંથી પરપ્રાંતિય દારૂ/બિયર ના પેટી નંગ ૧૧ કુલ બોટલ નંગ ૩૧૨ કિંમત રૂા.૩૧,૨૦૦ તથા ગાડી કિંમત રૂા.બે લાખ મળી કુલ કિંમત રૂા.૨,૩૧,૨૦૦ નો મુદ્દામાલ કબજે કરી બોલેરો ગાડી ચાલક ભાગી છૂટેલ હોઈ તેના વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## તાલુકા હેલ્થ ઓફીસના કર્મચારીઓએ જિલ્લા આરોગ્ય અધિકારીને આવેદનપત્ર આપ્યું

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકાની પીએચસીઓમાં બી.કોમ. એકાઉન્ટ અને ડેટા એન્ટ્રી ઓપરેટરની સંયુક્ત જવાબદારીથી ફરજ બજાવતા એકાઉન્ટન્ટ કમ ડેટા આસીસ્ટન્ટો દ્વારા જિલ્લા આરોગ્ય અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.જેમાં તેમણે ઉમેર્યું હતું કે ૧૧ માસથી ફરજ બજાવતા ટેકનિકલ તથા નોનટેકનીકલ કેડરના મહેનતાણામાં પ્રથમ કોન્ટ્રાક્ટમાં ૧૪૫૦૦ બાદ વધારો કરાયોછે પરંતુ તેમના પ્રથમ કોન્ટ્રાક્ટમાં માત્ર ૧૦૦૦૦ બેઝ પે આપીને ઉત્તરોત્તર વધારી પગારની વિસંગતતા ઉભી કરવામાં આવી છે. વળી તેઓ પાયાના કર્મચારી હોઇ હોસ્પીટલ અને તેના સબ સેન્ટરોની માહિતીનું સંકલન,ટાઈપીંગ,સુપરવાઈઝરોનું રિપોટીંગ તથા તમામ ઓનલાઈન ડેટા એન્ટ્રી,ચેક લિસ્ટ,વર્કપ્લાન અને તમામ ફાઈનાન્સીયલ કામગીરી જાહેર રજાના દિવસે પણ મોડા સુધીને બેસીને પુર્ણ કરતા હોવા છતાં પણ બ્લોક કેડરથી અલગ કરીને CHC/SDH કેડરમાં મુકીને હળહળતો અન્યાય કરવામાં આવ્યો છે. આથી તેમણે તેમની પાસેથી માત્ર ફાઈનાન્સને લગતી જ કામગીરી લેવામાં આવે અને પ્રથમ કોન્ટ્રાક્ટમાં ૧૪૫૦૦ પગાર બાદ ઉત્તરોત્તર પગાર બેજ વધારમાં આવે તથા ડેટા એન્ટ્રીની કામગીરી લેવામાં આવે અને પ્રથમ કોન્ટ્રાક્ટમાં ૯૦૦૦ તથા ઉત્તરોત્તર વધારો અને એકાઉન્ટ તથા ડેટા એન્ટરી ઓપરેટરની સંયુક્ત જવાબદારીઓ આપવામાં આવે તો એકાઉન્ટના ૧૪૫૦૦ના ૭૫ ટકા મુજબ ૧૦૮૦૦ તથા ડેટા એન્ત્રી ઓપરેટરના ૯૦૦૦ના ૭૫ ટકા મુજબ ૬૭૦૦ મળીને કુલ ૧૭૫૦૦ અને ત્યાર બાદ વધારો આપવામાં આવે તેવી માંગણી પણ કરી હતી.તાલુક હેલ્થ કચેરી દ્વારા તેમની માંગણીઓ જિલ્લા કચેરીમાં મોકલી આપવામાં આવી હતી.

## થરાદની ભડોદર મંડળીના દુધમાં હાનિકારક ભેળસેળ બહાર આવતાં ખળભળાટ


(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકાની ભડોદર ગામની દુધ મંડળીમાં ૨૦૦ જેટલા પશુપાલક સભાસદો દ્વારા સવારનું ૭૦૦ અને સાંજનું ૫૦૦ મળીને ૧૨૦૦ લિટર દુધ બનાસડેરીમાં ભરાવવામાં આવેછે.જોકે ગામના બે ત્રણ લાલચી ગ્રાહકો દ્વારા દુધમંડળીમાં ભરાવવામાં આવતા દુધમાં વધુ ફેંટ મેળવવાની લાલચે દુધમાં ભેળસેળ કરી હતી.જેને કારણે બનાસડેરીમાં ગયેલા દુધનાં કેનમાં ખબર પડી જતાં રિપોર્ટમાં ફેલ થવાના કારણે નાશ કરવામાં આવ્યાં હતાં.આથી બનાસડેરી દ્વારા મંડળીના મંત્રીને જાણ કરવામાં આવતાં મંત્રી દ્વારા ગાયોના દુધ ધરાવતાં ૨૭ શંકાસ્પદ ગ્રાહકોની યાદી બનાવી તેનાં સેમ્પલ લઈને થરાદ સેન્ટરમાં જઈને તપાસ કરાવતાં તેમાં ભેળસેળ થતી હોવાનું માલુમ પડ્યું હતું.

આ અંગે દુધ મંડળીના મંત્રી રવજીભાઇ પટેલે દુધમાં યુરીયા ખાતર, ખાંડ અને મીઠાની ભેળસેળ હોવાનું જાણવા મળ્યું હતું. આથી બનાસડેરી દ્વારા મંત્રીને ગ્રાહકોનાં દુધ નહી સ્વીકારવાની નોટીસ આપવામાં આવી હતી. આમ ગામની દુધમંડળીનું દુધ સ્વીકારવાનું બંધ કરતાં ગુરુવારની સાંજથી મંડળીને તાળું મારવાની ફરજ પડી હતી.

## અભિષેકની સાથે કાશ્મીરમાં તાપ્સી શુટિંગ કરશે : રિપોર્ટ

મુંબઇ

તાપ્સી પન્નુ અને અભિષેક બચ્ચન હવે એક સાથે જમ્મુ કાશ્મીરમાં શુટિંગ કરવા જઇ રહ્યા છે. તેમની ફિલ્મનુ શુટિંગ અમૃતસરમાં પૂર્ણ કરી લીધા બાદ તે હવે જમ્મુ કાશ્મીરમાં શુટિગ કરનાર છે. આના માટે તમામ ટીમમાં ભારે ઉત્સાહ દેખાઇ રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી બોલિવુડમાં રહેલી તાપ્સી હવે ઈન્ડસ્ટ્રીઝમાં પોતાની અલગ ઓળખ ઉભી કરવામાં સફળ રહી છે. ફિલ્મ પિન્કમાં જ્યાં તાપ્સીએ જોરદાર ભૂમિકા કરીને તમામને પ્રભાવિત કરી દીધા હતા. હવે તાપ્સી ફિલમના અંતિમ હિસ્સાના શુટિંગ માટે કાશ્મીર પહોંચી રહી છે. અભિષેક ને વિક્કી કૌશલની સાથે તે અમૃતસરમાં શુટિંગ પૂર્ણ કરી ચુકી છે. હવે ફિલ્મના અંતિમ તબક્કાના શુટિંગ માટે કાશ્મીર પહોંચનાર છઠે. આ સપ્તાહના અંત સુધી કાશ્મીરમાં ફિલ્મના શુટિંગને હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. કાશ્મીર હમેંશા બોલિવુડના પસંદગીના સ્થળ તરીકે રહ્યુ છે. બોલિવુડમાં બોલ્ડ સ્ટાર તરીકેની છાપ ધરાવનાર તાપ્સીએ હજુ સુધી આ શહેરમાં શુટિંગ કર્યુ નથી. દેશના તમામ વિસ્તારમાં શુટિંગ કરી ચુકેલી તાપ્સી હવે જમ્મુ કાશ્મીરમાં શુટિંગ કરવા પહોંચી રહી છે. તાપ્સી કાશ્મીરમાં ફિલ્મના શુટિંગને લઇને ભારે ખુશ છે. મનમર્જિયા અનુરાગ કશ્યપની પ્રથમ રોમેન્ટિક ફિલ્મ છે. હાલમાં જ તાપ્સી ધ ગાજી અટેક નામની ફિલ્મમાં નજરે પડી હતી. ફિલ્મને નેશનલ એવોર્ડ જીતી લેવામાં સફળતા મળી હતી. તાપ્સીનુ કહેવુ છે કે ગાજી ફિલ્મને લઇને તે ભારે ખુશ રહી છે. તેનુ કહેવુ છે કે તે ત્રીજી વખત કોઇ રાષ્ટ્રીય એવોરડ વિજેતા ફિલ્મમાં હિસ્સા તરીકે રહી છે. હવે તેની પાસે સતત સારી ફિલ્મો છે.

## વાવ ટી.ડી.ઓ.ની ...

પાના નં.૮ ચાલુ

નોટીસને ઘોળી પી ગયો છે.પીડીતોના આજદિન સુધી રૂા.૩,૬૯,૦૦૦ ના નાણાં તા. પંચાયતમાં જમા કરાવ્યા નથી. ‘‘નોટીસ’’ પાઠવ્યાને અઢી માસ વીતવા છતાં ટી.ડી.ઓ. વાવ અરજદાર વિરૂધ્ધ પોલીસ એફઆઈઆર નોંધાવતા કેમ ખચકાય છે ? શું વાવ ટી.ડી.ઓની નોટીસ ફાળવેલ અરજદાર સાથેની મિલીભગતી છે કે રહેમ નજર તેવો સવાલ સમગ્ર બ.કાં. જિલ્લામાં ચર્ચાસ્પદ બન્યો છે. જમીન ધોવાણ ૨૦૧૭ ના કૌભાંડમાં રૂા.૩,૬૯,૦૦૦ નું જે મોટું કૌભાંડ આચરાયું છે. તેની તમામ જાણ વાવ ટી.ડી.ઓને હોવા છતાં વાવ ટી.ડી.ઓએ કસૂરવારને માત્ર નોટીસ પાઠવી સંતોષ માન્યો છે. તેના વિરૂધ્ધ એફઆઈઆર થતી નથી. આ બાબતે ડી.ડી.ઓ બ.કાં. અંગત રસ દાખવી જમીન ધોવાણ ૨૦૧૭ ઢીમાના ૯ પીડીતોના રૂા.૩,૬૯,૦૦૦ પરત અપાવે તેવી પીડીતોની માંગ છે.

## ડીસાના જાહેર...

પાના નં.૮ ચાલુ

ગત ૨૦૧૭ ના અતિ ભારે વરસાદમાં તંત્ર ઉંઘતું ઝડપાયું હતું. આ વખતે પણ નગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સુન પ્લાનનું આયોજનબધ્ધ અમલ કરાયો નથી. ખાસ કરીને પાલિકા વિસ્તારમાં જાહેર માર્ગો અને સ્થળો ઉપર કટીંગના અભાવે વૃક્ષોની ડાળીઓ ઝળુંબી રહી છે. ત્યારે ચોમાસુ નજીકમાં છે ત્યારે વાવાઝોડું ફૂંકાય તો આ વૃક્ષો ધરાશાઈ થઈને વ્યાપક નુકશાન સર્જી શકે તેમ છે. અગાઉ નગરના આંબલીકૂવા વિસ્તારમાં ઝાડ તૂટી પડતા એક ઈસમ ઘવાયો હતો. આથી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે પાલિકા તંત્ર સજાગતા દાખવે તેવો જનમત પ્રવર્તે છે.

## એસ.ટી. નિગમના...

પાના નં.૮ ચાલુ

૨૦ કિલોમીટરની એકતરફી મુસાફરી માટે માત્ર ૧૦૦૦ રૂપિયા જ્યારે બંને તરફી મુસાફરી માટે ૨૦૦૦ રૂપિયા, ૪૦ કિલોમીટર સુધીની એકતરફી મુસાફરી માટે ૨૦૦૦ રૂપિયા જ્યારે બાંબે તરફી મુસાફરી માટે ૪૦૦૦ રૂપિયા તેમજ મહત્તમ ૬૦ કિલોમીટર સુધીની એકતરફી મુસાફરી માટે ૩૦૦૦ જ્યારે બન્ને તરફી મુસાફરી માટે ૬૦૦૦ રૂપિયાના દરે નજીકના ડેપો દ્વારા વાહનો તેમજ ક્રૂની ઉપલબ્ધતા અને પ્રથમ માંગણી કરનારને પ્રાથમિકતા આપી ડીલક્સ બસ ફાળવાશે. રાજ્ય સરકારના આવા સેવાકીય અભિગમનું પાલનપુર વિભાગમાં સુચારુ અને પરિણામલક્ષી અમલીકરણ થાય તે માટે સક્રિય પ્રયાસો કરી રહેલા એસ.ટી.નિગમના પાલનપુર ખાતેના વિભાગીય નિયામક જયદીપભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે કોઈ પણ પરિવાર લગ્નની કંકોત્રી સાથે નજીકના ડેપોમાં સાદી અરજી કરી આ યોજનાનો લાભ લઇ શકશે.જોકે વધુ અંતરની મુસાફરીના કેસમાં જે તે પરિવારે મીડી બસ માટે કીલોમીટર દીઠ મહત્તમ ૨૫ રૂપિયા તેમજ મોટી બસ માટે કિલોમીટર દીઠ ૫૦ રૂપિયા ચૂકવવાના રહેશે તેવું જણાવતા વિભાગીય નિયામકે ઉમેર્યું હતું કે મહત્તમ ૬૦ કિલોમીટર સુધીની મુસાફરી માટે જ આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**‘જન્મદિન મુબારક’ માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★‘રખેવાળ’ માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચયઃ ..........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ...............................................

## શ્રી વીર ભગતસિંહ વિદ્યાલય ભોરડુમાં યોગ દિનની ઉજવણી



પ્રતિનિધિ રા હ

ભોરડુ ખાતે આવેલી શાળા શ્રી વીર ભગતસિંહ વિદ્યાલય યોગ દિનની ભવ્ય ઉજવણી કરાઇ હતી જેમાં નગરપાલિકાના ચીફ ઓફિસર તથા આરોગ્ય વિભાગના અધિકારીઓ તાલુકાના અધિકારીઓ ગામના આગેવાનો અને શાળાના સ્ટાફની ઉપસ્થિતિમાં શાળાના વિદ્યાર્થીઓ ભાઈઓ અને બહેનો યોગ કર્યા હતા જેમાં કુલ ૭૦૦ વિદ્યાર્થીઓ હાજરી આપી હતી અને યોગથી થતા ફાયદા વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## અછવાડા ખાતે યોગ દિનની ઉજવણી

પ્રતિનિધિ રાહ

અછવાડા ખાતે યોગ દિનની ઉજવણી શ્રી આદર્શ બક્ષીપંચ આશ્રમશાળા થરાદ તાલુકાના આલવાડા ખાતે આવેલી આદર્શ બક્ષીપંચ આશ્રમ શાળા માં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો અને શિક્ષ-કો યોગ કર્યા હતા અને યોગ દ્વારા થતા ફાયદા અને યોગ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું આ વિશ્વ યોગ દિનની ઉજવણીમાં તમામ સ્ટાફ તથા વિદ્યાર્થીઓ પણ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો તેમજ બધા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## વડગામની વી.જે.પટેલ હાઈસ્કુલમાં યોગ દિવસની ઉજવણી


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

વડગામની વી.જે.પટેલ હાઈસ્કુલમાં સંસ્થાના પ્રમુખ આર.વી.પટેલના અધ્યક્ષસ્થાને વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે મામલતદાર આર.એલ.ઠાકોર સહીત જુદાજુદા વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ, સ્થાનિક અગ્રણીઓ તથા વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ જોડાયા હતા. હાઈસ્કુલના આચાર્ય તેમજ સ્ટાફે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યુ હતું.

## રાજપુર પ્રાથમિક શાળામાં વિશ્વ યોગ દિનની ઉજવણી


જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

રાજપુર પ્રાથમિક શાળા નં.૧ માં વિશ્વ યોગ દિન નિમિત્તે વિશ્વયોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં શાળાના તમામ બાળકો-શિક્ષકો અને વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

શાળાના શિક્ષક ચિરાગભાઈ સોની દ્વારા યોગ, પ્રાણાયામ, આસન, યોગનિંદ્રા, વગેરે કરાવવામાં આવ્યા હતા. કો-ઓર્ડિનેટર પ્રકાશભાઈ નાયક હાજર રહ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રવણભાઈ અનાવાડીયાએ ‘યોગ ભગાવે રોગ’ વિશે વાત કરીને યોગનું મહત્વ સમજાવ્યું હતું. નરેન્દ્રભાઈ ઠક્કર, જમીલ મેમણ (પત્રકાર) સહિત ગ્રામજનો હાજર રહી યોગ કરી યોગ દિનની ઉજવણી કરી હતી.

## થરાદમાં યોગ દિવસની ઉજવણી


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

વિશ્વ યોગ દિવસની થરાદ શહેરનાં બે કેન્દ્રો ગાયત્રી વિધાલય અને જનતા હાઇસ્કુલ તથા તાલુકાનાં નારોલી તથા ભોરડુ વિધાલય એમ ચાર સ્થળોએ ઉજવણી કરવામાં આવી હતી.જેમાં ગાયત્રી વિધાલયમાં થરાદના પ્રાંત અધિકારી એકે કળસરીયા,જનતા હાઇસ્કુલમાં મામલતદાર જેસી ગરાસીયા,નારોલીમાં તાલુકા વિકાસ અધિકારી ભીખાભાઇ ગુજોર તથા ભોરડું નગરપાલિકાના ચીફઓફીસર રોશની પટેલ ની ઉપસ્થિતી રહી હતી.જેમાં તાલુકાના અધિકારી પદાધિકારીઓ સહિત વિવિધ સરકારી અને અર્ધસહકારી કચેરીઓના અધિકારી કર્મચારીઓ અને સેવાકીય સંસ્થાઓ અને રાજકીય પદાધિકારીઓ સહિત શાળા કોલેજ સ્ટાફ અને વિધાર્થીઓની સાથે આમ નાગરીકોએ પણ યોગા કર્યા હતા.ગાયત્રી વિધાલયમાં આયોજીત કાર્યક્રમમાં ડૉ રિતેશભાઇ પ્રજાપતિએ યોગપ્રાણાયમ કરાવ્યા હતા.

## નર્સીંગ સ્કુલ ભાભરમાં યોગ દિનની ઉજવણી


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

ભાભર ખાતે આવેલ શ્રી ક્રિષ્ના ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ સ્કુલમાં આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણીમાં નર્સિંગના વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડાયા હતા. જેમાં સ્કુલના પ્રિન્સીપાલે વિદ્યાર્થીઓને યોગથી થતા ફાયદા અને તેનું મહત્વ સમજાવીને યોગ દિનની ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

## કટાવ પ્રા.શાળમાં યોગદિનની ઉજવણી


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

કટાવ પ્રાથમિક શાળામાં આંતરરાષ્ટ્રિય યોગદિનની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં પ્રા. શાળાના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લીધો હતો. શાળાના આચાર્ય પરસોત્તમભાઈ દેસાઈએ શાળાના બાળકોને યોગના મહત્વ વિશે સમજ આપી હતી અને વિવિધ યોગ કરાવ્યા હતા.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૫૦૦-૪૦૦૦૦**
રૂપુ કાચું ૩૯૫૦૦-૪૦૦૦૦
સોનુ તોલો ૩૦૩૦૦-૩૧૭૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૨૧૦**
પામોલીન ૧૨૦૦
સોયા રીફાઈન ૧૪૪૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૪૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૭૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૮૦
**સીગતેલ ૫ લી. ૪૫૦-૪૬૨**
તિરૂપતી કપા. ૧૩૫૦
૫ લીટર ૪૬૦
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૧૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૪૦૫
૨ લી. ૧૬૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૪૫૦-૩૫૦૦**
**ખાંડ એમ. ૩૫૫૦**
ખાંડએલ. ૩૬૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેકીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૪૦૦
જીરાળુ ૧૫૦૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા. ૫૭૦
**પરચુરણ**
સોજી ૮૦૦
મેંદો ૭૮૦
શ્રીફળ એમ. ૧૪૨૫
નિરમા સાબ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૨૦૦
ખાંડ બુરૂ ૩૫૦૦
કોકમ ફુલ ૧૫૦
એલચી ૯૦૦-૧૦૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૦૦-૩૦૦
સુકી ડુંગળી ૧૮૦-૨૮૦
લસણ ૫૦૦-૬૦૦
ધાણા ૫૦૦-૧૦૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૬૦૦-૭૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૫-૯૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૬૦૦-૭૦૦
**ભીંડા ૪૦૦-૫૦૦**
કોબી ૧૪૦-૧૬૦
વટાણા ૧૦૦૦-૧૪૦૦
ટીંડસા ૮૦૦-૧૦૦૦
ગવાર ૬૦૦-૧૦૦૦
બાદશાહ બટાકા ૪૪૦
**સાંગા બટાકા ૨૪૦- ૨૬૦**
**દે.ગવાર ૧૨૦૦-૧૩૦૦**
**ચોળી ૧૫૦૦-૧૬૦૦**